

SWARGA ...AN
DAN... ...JI,
DIST. BANASK... (GUJ.)
PH. (027..) ...

# અધ્યાત્મ

વર્ષ–૨ એપ્રિલ–૧૯૮૧ અંક–૭

## ‘ નવા આજીવન સભ્યો ’

અધ્યાત્મના આજીવન સભ્યોની સંખ્યામાં પ્રતિમાસે વધારો થતો રહ્યો છે. નવા નોંધાયેલ સભ્યોનાં નામ આ પ્રમાણે છે.

૧૨૧ શ્રી. એચ. કે. જાદવાણી, મોરબી રૂા. ૨૫૧
૧૨૨. શ્રી. વિઠ્ઠલદાસ સવદાસ વીરપરીઆ, માણાવદર રૂા. ૨૫૧
૧૨૩. શ્રી. સુરેશકુમાર ભીમજીભાઈ પરીખ, વડોદરા. રૂા. ૨૫૧
૧૨૪. શ્રી. જેકીસન મોરારભાઈ સૂરા, નેત્રંગ રૂા. ૨૫૧
૧૨૫. શ્રી. હંસાબેન રમણભાઈ ભગવાનજી, નનસાડ. રૂા. ૨૫૧
૧૨૫ શ્રી અમૃતલાલ વસનજી નાયક, લુસાવડા. રૂા. ૨૫૧.

## ‘ અધ્યાત્મને સહાય ’

અધ્યાત્મને કેટલીક વખત અણધારી સહાય પણ મળે છે તેવા બે પ્રસંગો હમણાં બન્યા.

અમેરિકામાં અધ્યાત્મના ફેલાવામાં મદદરૂપ થનાર શ્રી ભગવાનજીભાઈ અને એમનાં ધર્મપત્ની શ્રીમતી કંચનબેન એક સાંજે અચાનક ભાવનગર આવ્યાં. સાથે તેમનાં માતા-પિતા પણ હતાં. વાતચીતમાં માસિકના સંચાલનની વાત નીકળી, ને તેઓએ સ્વેચ્છાએ રૂા. ૫૦૧-૦૦ની સહાય આપી

એવો જ બીજો પ્રસંગ મુંબઈમાં બન્યો. મારા એક સ્નેહીજનને મળવાનું થયું તેમણે પૂ. મહાત્માજીના આરોગ્યની પૃચ્છા કરી ને સ્વેચ્છાએ જ રૂા. ૫૦૦-૦૦ અધ્યાત્મને ભેટ આપ્યા. આપતાં કહ્યું. “ મારું નામ ક્યાંય ન લખતા. ” કેવી નમ્રતા! આ બન્ને વ્યક્તિઓનો અંતઃકરણપૂર્વક આભાર માનું છું.



શ્રી યોગેશ્વરજી

## ક્ષમા કરો, મા.

[શ્રી. ઈશ્વરભાઈ પટેલે "મા શ્રી સર્વેશ્વરી"ને સંબોધી લખેલું આ કાવ્ય, લેખકની તેઓશ્રી પ્રત્યેની ભાવભક્તિ સાથે, પૂ. માની આધ્યાત્મિક ઝડપી પ્રગતિનો ઉલ્લેખ ખૂબ સ્વાભાવિકતા અહીં રજુઆત પામ્યો છે.

એક સારી સાહિત્યની કૃતિ તરીકે પણ કાવ્ય ગમે તેવું છે.

–તંત્રી]

(મિશ્રોપજાતિ)

ક્ષમા કરો મા! કથની કહીને,
જણાવવાનું ન શક્યો જણાવી!
વિવેક હીણો ન શક્યો પચાવી,
અમી, થયું ઝેર રહી રહીને!
વચ્ચે અમારી રહીને તમે તો,
અલિપ્તતાના ગઢ જીતી લીધા!
સર્વે સમર્પી ચરણે ગુરુના,
પ્રશાંતિના પાવન ઘૂંટ પીધા!
ઉત્થાનના દુર્ગમ સૌ ચઢાણ,
ચઢ્યાં સહેજે ગુરુની કૃપાથી!
રહ્યા તળેટી પર સૌ અજાણ,
પામી શકે પાવનપંથ ક્યાંથી?
નડ્યો ન કોલાહલ મા, તમોને!
સુપાત્ર એવા કરજો અમોને!

ઇશ્વરભાઇ પટેલ

# અધ્યાત્મ


આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું ગુજરાતી માસિક
વર્ષ : ૨ અંક : ૭ છૂટક નકલ ૧–૫૦, વાર્ષિક લવાજમ
દેશમાં રૂ. ૧૫-૦૦ વિદેશમાં રૂ. ૧૦૦–૦૦ (વિમાનથી)

**સંસ્થાપક :**
**પ. પૂ. યોગેશ્વરજી**
સર્વમંગલ ચેરીટેબલ ટ્રસ્ટ
મણીનગર, અમદાવાદ–૮

**તંત્રી–સંપાદક :**
શ્રી નારાયણ હ. જાની

**સહસંપાદકો :**
શ્રી નાનુરામ દુધરેજિયા
શ્રી ભાઈલાલભાઈ છાટબાર
શ્રી મણિભાઈ સી. શાહ

**સલાહકાર મંડળ :**
શ્રી સર્વેશ્વરી
શ્રી રમણીકલાલ ભોગીલાલ શાહ (ભાવનગર)
શ્રી વિઠ્ઠલ પંડ્યા (મુંબઈ)
શ્રી બાબુભાઈ વ્હોરા (અમદાવાદ)
શ્રી જે. વી. શાહ (મુંબઈ)
શ્રી શાંતિભાઈ કનેરીયા (રાજકોટ)
શ્રી રાજેશભાઈ કાપડિયા (ભાવનગર)

**પ્રકાશન અને પ્રાપ્તિસ્થાન :**
'અધ્યાત્મ' પ્લોટ નં. ૧૬૮૮ બી
સરદારનગર, ભાવનગર–૩૬૪૦૦૧

**તંત્રી, મુદ્રક અને પ્રકાશક :**
નારાયણ હ. જાની

**મુદ્રણસ્થાન :**
રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ
લોખંડબજાર, ભાવનગર–૩૬૪૦૦૧


### 'અધ્યાત્મ' અંગે સૂચનો

**ગ્રાહકોને :** ગ્રાહક નંબર સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવો.

* 'અધ્યાત્મ' જો આપને ગમ્યું હોય તો આપના પરિચિત વર્ગમાં તેના ગ્રાહકો વધે તેવું આપ કરતા રહેશો.
* 'અધ્યાત્મ' દર માસની દસમી તારીખે પ્રસિદ્ધ થશે. કોઈ કારણે એકાદ અઠવાડિયા સુધી અંક ન મળે તો સ્થાનિક ટપાલ કચેરીમાં તપાસ કર્યા પછી અત્રે જણાવવું. સિલિકમાં હશે તો જરૂર મોકલી અપાશે.
* પત્રવહેવાર કરતી વખતે ગ્રાહક નંબર લખવાથી વધુ સરળતા રહેશે.
* 'અધ્યાત્મ' અંગે કંઈ સૂચનો કરવાનાં હોય તો નિઃસંકોચ કરવા અનુરોધ છે.
* દર મહિનાની તા. ૮ સુધીમાં જે ગ્રાહકોનાં નામ મળી જશે, તેમને તા. ૧૦મીએ અંક રવાના કરવામાં આવશે.

# ✻ અનુક્રમણિકા ✻


| | | |
|---|---|---|
| વદનં પ્રસાદસદનમ્ | ૩ | શ્રી યોગેશ્વર |
| શ્રદ્ધાંજલિ | ૫ | શ્રી હરગોવિંદભાઈ ભાવસાર |
| આનંદ સ્વરૂપની ઓળખ શી રીતે થાય? | ૮ | સ્વામીશ્રી નંદકિશોરજી |
| રામકથા | ૧૩ | શ્રી યોગેશ્વર |
| કર્મફળ અને મંત્ર જપ | ૧૯ | શ્રી ભાઈલાલભાઈ છાટબાર |
| પ્રકાશને પંથે | ૨૪ | શ્રી યોગેશ્વર |
| ભાગવત સુધા | ૩૨ | પ્રા. જનાર્દન દવે |
| રસખાનની કૃષ્ણભક્તિ | ૩૬ | પ્રા. શશીકાન્ત કોન્ટ્રાકટર |
| જ્યાં લગી આત્મા અંગમાં છે | ૪૬ | ભક્ત કવિ જીવણ |
| ગુરુદેવ છે મારા મહાત્યાગી | ૪૭ | રાજેશ કાપડિયા |
| સંત સમાગમ | ૪૮ | શ્રી સર્વેશ્વરી |
| અમૃતમય સ્પર્શ | ૫૩ | શ્રી ભૂપેન્દ્ર ત્રિવેદી |
| સિદ્ધાસન | ૬૦ | શ્રી મણિભાઈ શાહ |



# અધ્યાત્મ

વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવનસહારો

વર્ષ : ૨ | એપ્રિલ-૧૯૮૧ | અંક : ૭


## વદનં પ્રસાદસદનમ્

–યોગેશ્વર

કેટલું સરસ વાક્ય છે? કોઈક પાવન પળે, ધન્ય ક્ષણે, કોઈક સ્વાનુભવસંપન્ન સત્પુરુષદ્વારા એનું સર્જન થયું છે. વદન કેવું છે તો કહે છે કે પ્રસાદનું સદન.

પ્રસાદ એટલે પ્રસન્નતા. જેનું મુખમંડળ સદાય પ્રસન્ન કે પુલકિત હોય છે તે ધન્ય બને છે ને ધન્ય કરે છે. તે જ્યાં વસે છે તે જ્યાં વિચરે છે ત્યાં ઉત્સવ કરે છે. ઘરમાં ને ઘરની બહાર આનંદ અનુભવે છે અને આનંદ અર્પે છે.

પ્રસાદનો અર્થ પરમાત્માની કૃપા પણ લઇ શકાય. પરમાત્માની કૃપા જેના ઉપર વરસે છે તેના અંતરમાં પ્રસન્નતા પ્રકટે છે, અને એ પ્રસન્નતાનું પ્રતિબિંબ વદન પર, વાણીમાં, રોમરોમમાં અને અંગ-પ્રત્યંગમાં પડે છે.

જીવનમાં આજે પ્રસન્નતા ઘટી ગઈ છે. માનવ પ્રસન્ન દેખાવાનો પ્રયત્ન કરે છે, એવા કીમિયા કરતો દેખાય છે, તો પણ સાચી સ્વાભાવિક પ્રસન્નતા કોઇક બડભાગીને જ પ્રાપ્ત થાય છે. એ સૌ કોઇના જીવનમાં નથી હોતી.

પ્રસન્નતાથી પુલકિત માનવને મળવાનું ગમે છે. એની સાથે ફરવાનું અને વ્યવહારમાં ઉતરવાનું પસંદ પડે છે. એ અન્યનાં દુઃખોને

હળવાં કરે છે. અન્યને માટે આશ્વાસનરૂપ બને છે. એવા માનવને કષ્ટો, વિરોધો, વિઘ્નો ચલાયમાન નથી કરી શકતાં. જીવનની વિષમતાઓની વચ્ચે એ સુખદ શાન્ત સ્મિત કરી શકે છે. એનો જીવન-પ્રવાસ હળવો બને છે.

એવા માનવનું વદન પ્રસાદનું-પ્રસન્નતાનું સદન હોય છે. એમાંથી પ્રસન્નતાનો પ્રાદુર્ભાવ થાય છે. એવું જીવન કેટલું બધું ઉત્તમ લાગે ? એવી પ્રસન્નતા કોઇક બડભાગીને જ મળે છે.

એક વેપારીભાઇ કહેતા કે હું સદા પ્રસન્ન રહું છું. મારા જેવો પ્રસન્ન માનવ બીજો કોઇ નથી. પરન્તુ એ પ્રસન્નતા કેટલી બધી અસ્થાયી હતી તેની ખબર એમને થોડી વારમાં જ પડી ગઇ. વેપારમાં મોટી ખોટ જવાથી એમનું જીવન નીરસ બન્યું, એ શોકમગ્ન બની ગયા અને આત્મઘાત કરવા તૈયાર થયા. એમને જીવનનો ત્યાગ ના કરવા માટે પુષ્કળ સમજાવવા પડ્યા. બીજા એક ભાઈ લગ્ન પ્રસંગે ખૂબ જ સુખી દેખાયા અને પ્રસન્નતાથી પુલકિત બનીને ફરવા લાગ્યા. સમસ્ત સંસારમાં સૌથી વધારે સુખી એ જ હોય એવું લાગવા માંડ્યું. પરન્તુ લગ્ન પછી થોડેક દિવસે એમની પત્નીનો સ્વર્ગવાસ થતાં એમની પ્રસન્નતા ટળી ગઈ. એ અતિશય શોકમગ્ન બની ગયા.

સાનુકૂળ સંજોગોમાં તો પ્રસન્ન રહી શકાય છે. પરન્તુ પ્રતિકૂળ પરિસ્થિતિમાં પણ પ્રસન્નતાથી પુલકિત બનવાનું છે. એવી કળામાં કુશળ થવાનું છે. તમારા મુખમંડળ પરનું સ્મિત એક મહાન મૂડી છે, એને સૂકાવા ન દેતા. અને સદાય સાચવી રાખજો. એનું સંવર્ધન કરજો.



# શ્રદ્ધાંજલિ

એક નિષ્ઠાવાન કર્મયોગીની જેમ અમદાવાદનાં ધ્યાન-કેન્દ્રોના સંચાલક **શ્રી** હરગોવિંદભાઈ ભાવસારનો સ્વર્ગવાસ તા. ૨૭-૨-૮૧ના રોજ ગુજરાત હાઈકોર્ટમાં પોતાના અસીલના કેસની દલીલો કરતાં કરતાં, હૃદય રોગના હુમલાથી થયો. તેથી તેમના અનેક સ્નેહીજનો અને પરિચિતોએ ભારે દુઃખની લાગણી અનુભવી. મૃત્યુના દિવસે પણ સવારના ઉસ્માનપુરા રણછોડજીના મંદિરમાં ચાલતા મહાત્મા યોગેશ્વરજીના ધ્યાનકેન્દ્રનું સંચાલન તેઓએ કર્યું હતું. એ દર્શાવે છે કે મૃત્યુના છેલ્લા દિન સુધી નહિ, પરંતુ છેલ્લી ઘડી સુધી તેઓ તદ્દન સ્વસ્થ હતા.

મૃત્યુ સમયે તેઓનું વય ૭૨ વર્ષનું હતું, છતાં તેઓશ્રીની તંદુરસ્તી એક સશક્ત યુવાન જેવી હતી.

તેઓશ્રીનો જન્મ મહેસાણા જિલ્લાના જોટાણા ગામે ૧૯૦૮માં થયો હતો. શાળા તથા કોલેજનું શિક્ષણ બોર્ડીંગમાં રહી તેઓએ અમદાવાદમાં લીધું હતું.

અભ્યાસ-કાળ દરમ્યાન જ અધ્યાત્મ માર્ગ પ્રત્યેની પ્રબળ અભિરૂચિને લીધે, ભગવાં વસ્ત્રો ધારણ કરી તેઓ ૨૨ વર્ષની યુવાન વયે, પેટલાદના યોગી શ્રી માધવાચાર્યજી પાસે હઠયોગનો અભ્યાસ કરવા પહોંચી ગયા હતા. તેઓશ્રીના માર્ગદર્શન નીચે, તેઓએ હઠયોગનો અભ્યાસ ખૂબ ખંત પૂર્વક કર્યો. પછી ગુરુ આજ્ઞા પ્રમાણે, તેઓ ફરી વ્યવહવારિક જીવનમાં પાછા ફર્યા.

મહેસાણામાં હાઈકોર્ટ પ્લીડર થઈ, તેઓએ વકીલાત શરૂ કરી, પણ પછી પ્રથમ દેશી રાજ્યોમાં કડોલી, ભિલોડા વગેરે સ્થળોએ ન્યાયાધીશ તરીકે, ને પાછળથી દેશી રાજ્યોનું વિલીનીકરણ થતાં, મહેસુલ ખાતામાં મામલતદાર તરીકે હિંમતનગર ને વલસાડમાં સારી કામગીરી બજાવી. ૧૯૬૪માં તેઓશ્રી નિવૃત્ત થયા.

નોકરી દરમ્યાન પણ તેઓશ્રી જ્યાં જ્યાં ગયા, ત્યાં ત્યાં લોકોને તથા સાધકોને ભેગા કરી, ગીતા, ઉપનિષદો, તેમજ હઠયોગનું માર્ગદર્શન આપતા રહેતા.

નિવૃત્ત થયા પછી તેઓએ અમદાવાદમાં પોતાની સ્વતંત્ર વકીલાત શરૂ કરી. આમ છતાં તેમનું ધ્યેય ધન ઉપાર્જનનું ન હોવાથી દિવસનો આઠેક કલાક જેટલો સમય તેઓ આધ્યાત્મિક પ્રવૃત્તિમાં ગાળતા. અમદાવાદના સંન્યાસાશ્રમમાં તેઓ નિયમિત હાજરી આપતા.

છેલ્લા ચારેક વર્ષથી તેઓ મહાત્મા શ્રી યોગેશ્વરજી પરિવાર સાથે સંકળાયેલા હતા. અમદાવાદમાં તેઓશ્રીનાં પ્રવચનોનું આયોજન શ્રી બાબુભાઇ વોરા વગેરે કરતા, અમદાવાદમાં પ્રથમ શરૂ થયેલ સમર્થેશ્વરના ધ્યાન કેન્દ્રમાં નિયમિત રીતે માર્ગદર્શનની સેવાઓ સ્વેચ્છાએ આપવાનું તેઓશ્રીએ સ્વીકાર્યું હતું. તે પછી ધ્યાનકેન્દ્રોની સંખ્યા પાંચ ઉપર પહોંચતાં તેઓ બધાજ કેન્દ્રોમાં સમયસર પહોંચી સાધકોને માર્ગદર્શન આપવાનું કામ ખૂબ રસપૂર્વક ને સુવ્યવસ્થિત રીતે કરતા.

એમના આકસ્મિક મૃત્યુથી આ કેન્દ્રોમાં નિયમિત આવતા



સાધક ભાઈ બહેનોને એક આત્મીય માર્ગદર્શકની નપૂરાય તેવી ખોટ પડી છે. શ્રી ભાવસારે માનવને આત્મીક શાન્તિની અનુભૂતિ કરાવતી આ ધ્યાન કેન્દ્રોની પ્રવૃત્તિને પોતાના ઉત્તર જીવનના એક ભાગરૂપ બનાવી દીધી હતી. એથીજ સાધકો કેન્દ્રમાંની ધ્યાનની અવસ્થામાં શ્રી ભાવસારભાઈની સૂક્ષ્મ ઉપસ્થિતિની આજે અનુભૂતિ કરે છે.

સહુ સાધકોને આત્મીક શાન્તિના પંથે દોરી જનાર શ્રી ભાવસારભાઇને તો શાન્તિ સહજ હતી. છતાં આપણે સહુ એમને માટે પ્રભુને પ્રાર્થ્યા વિના કેમ રહી શકીએ ? પ્રભુ એમને શાન્તિ આપો.

અમદાવાદના સાધક ભાઈ બહેનોએ શ્રી ગોરધનભાઈ અમીનના અધ્યક્ષપદે એક શોકસભા યોજી સદ્‌ગતને શ્રદ્ધાંજલિ અર્પી પોતાનો ભાવ પ્રદર્શિત કર્યો, એ ઉચિતજ છે.

સંપાદક મંડળ

# આનંદ સ્વરૂપની ઓળખ શી રીતે થાય ?

—સ્વામી શ્રી નંદકિશોર

**અંતઃકરણ શું છે ?**:—શરીર અને ઇન્દ્રિયો વિષયભોગનાં સ્થૂલ બ્રાહ્ય સાધન છે, અને મન સૂક્ષ્મ અંતર્સાધન છે. સાધનને સંસ્કૃતમાં કરણ કહે છે. તેથી મનને અંતઃકરણ કહેવામાં આવે છે. આ અંતઃકરણનાં પોતાના જુદા જુદા કર્તવ્યાનુસાર પાંચ નામ પડ્યાં છે. અંતઃકરણ જાગૃત થઈ જ્યારે તે વિષય તરફ જાય અથવા ચલિત થાય ત્યારે એને વૃત્તિ કહે છે. સ્થિર હોય ત્યારે અંતઃકરણ, સંકલ્પવિકલ્પ કરે તેથી 'મન', નિશ્ચય કરે તેથી 'બુદ્ધિ', ચિંતવન કરે તેથી 'ચિત્ત' અને કર્તૃત્વ ભોક્તૃત્વનું અભિમાન કરે તેથી તેને 'અહંકાર' કહે છે.

**સંસ્કારોની છાપ**:—આ અંતઃકરણ વિષયનું ગ્રહણ કરે છે. આ ગ્રહણ બે જાતનું હોય છે. એક સામાન્ય અને બીજું વિશેષ. ઘણા શબ્દો સંભળાય છે, કર્ણેન્દ્રિય દ્વારા તેનું ગ્રહણ થાય છે પણ તે સામાન્ય ભાવથી. તેથી તે અંતઃકરણ ઉપર કંઈ પણ અસર ઉત્પન્ન નથી કરતા. પરંતુ જો એમાં તમારો બાહ્ય સંબંધ હોય અર્થાત્ તમારી સ્તુતિ યા નિંદા હોય તો એ શબ્દો વિશેષ ભાવથી ગ્રહણ થશે. એની કાંઈ ને કાંઈ અસર તમારા અંતઃકરણ પર જરૂર થશે. આ અસર જ સંસ્કાર કહેવાય છે. સંસ્કાર આગળ જતાં સંગરૂપથી પરિણિત થાય છે. આ સંગ જ દુઃખ માત્રનું મૂળ છે. સંસ્કાર દૃઢ થતાં તે પ્રારબ્ધ બને છે. અને જન્મનો હેતુ થાય છે. આથી એમ સિદ્ધ થયું કે વિષયનું ગ્રહણ ભલે થાય, પણ કદી



વિશેષ ભાવથી ન થાય. પણ આમ ત્યારે જ બને કે જ્યારે સુખદુઃખની, લાભ-હાનિની દૃષ્ટિ ન હોય. હવે પ્રશ્ન આ રહ્યો કે આ સુખદુઃખની લાભહાનિ જ દૃષ્ટિ કેવી રીતે જાય ? આને માટે જીવના સ્વરૂપનો વિચાર કરવો પડશે.

**સર્વ વ્યાપક ચેતન જીવ ક્યારે થાય ?**:—આનંદ હંમેશા રહે છે. તેને જ સત્ અને ચિત્ પણ કહેવામાં આવે છે. દરેકમાં એ આનંદ એક સરખો જ હોય છે. ભેદ હોતો નથી. ગરીબ કે શ્રીમંતના આનંદમાં ભેદ નથી. તેથી આ આનંદ કહો કે ચેતન કહો તે સમાન છે, સર્વવ્યાપી છે, અને અવિનાશી છે. જેવી રીતે આકાશ સર્વવ્યાપી છે તેવી જ રીતે ચેતન પણ સર્વવ્યાપી છે. કોઈ અણુ ચેતનથી ખાલી નથી. આકાશ બધે એક છતાં પણ જુદા જુદા ઘટોથી વ્યાપ્ત આકાશ, આ ઘટનું આકાશ પેલા ઘટનું આકાશ એમ પૃથક્ પૃથક્ આકાશનો નિર્દેશ થાય છે. તેમ ચેતન સર્વવ્યાપી છે, આ દેહનું ચેતન, પેલા દેહનું ચેતન એમ વ્યવહારની ભાષામાં કહેવાય છે. એક શરીરમાં ચેતન અંતઃકરણ સહિત જીવ કહેવાય છે. આ અંતઃકરણ પોતાના અનેક સંસ્કારો સહિત હોય છે. એક અંતઃકરણમાં સંસ્કાર બીજા અંતઃકરણના સંસ્કારથી ભિન્ન હોય છે, એટલે બધા દેહમાં એક જ ચેતન વ્યાપ્ત હોવા છતાં દેહ અને અંતઃકરણ અનેક હોવાથી જીવ અનેક કહેવાય છે.

**પુનર્જન્મનું કારણ**:—અતિ દૃઢ સંસ્કાર જીવને વિષય તરફ બળજબરીથી ખેંચી જાય છે ત્યારે એને ભોગ ભોગવે જ છૂટકો. ઈન્દ્રિયો સહિત દેહ ભોગ ભોગવવાનું સાધન છે. આ સાધન સિવાય જીવ વિષયને ભોગવી શકતો નથી. જ્યાં સુધી આ શરીર ભોગ ભોગવવા માટે યોગ્ય છે ત્યાં સુધી ઠીક, પણ જ્યારે આ શરીર ભોગ ભોગવવાને લાયક નહિ હોય-એવા

કેટલાક ભોગ હોય શકે, કે જે આ શરીરથી ભોગવવા અશક્ય છે–ત્યારે જીવને આ શરીર છોડી બીજું શરીર ધારણ કરવું પડે છે. આવી રીતે જન્મમરણની પરંપરા ચાલુ રહે છે. નવા સંસ્કાર ન બને અને જુનાનો કોઈ પણ પ્રકારે નાશ થાય તો નવું શરીર ધારણ કરવાની આવશ્યકતા નહિ રહે. અને પછી તે જન્મમરણના ચક્રમાંથી મુક્ત થાય. આ નવા સંસ્કાર થવાનું ત્યારે જ બંધ થાય જ્યારે જીવ વિષયોને વિશેષ ભાવથી ગ્રહણ ન કરે. તે હંમેશા સુખની ચાહ કરે છે. એટલે હમેશાં વધારે ને વધારે સુખની શોધ કરે છે. જીવનું સાચું સ્વરૂપ તો આનંદ જ છે. એમ છતાં આમ કેમ? ઘણા વખત સુધી રમતાં રમતાં આ વિષયોમાં એટલો રમી ગયો કે પોતાનું સ્વરૂપ જ ભૂલી ગયો. જેમ રાજકુમાર બીજા છોકરાઓ સાથે લખોટીઓ રમે છે. તે રમતમાં એટલો તલ્લીન થઈ જાય છે કે લખોટીઓની હારજીતથી તે દુઃખી યા સુખી થાય છે. ચાર લખોટીઓ હારી જવાથી કે જીતી જવાથી એની ખરી સંપત્તિમાં કાંઈ ફરક થતો નથી. છતાં એ લખોટીઓ માટે પોતે રાજકુમાર હોવા છતાં જૂઠું બોલે છે, ચોરી કરે છે, લડાઈ ઝગડો કરે છે, હારી જવાથી રડે છે અને દુઃખી થાય છે. તે વખતે એને પોતાની સંપત્તિનું ભાન નથી રહેતું. જીવ પણ સંપત્તિશાળી છે. જીવ એટલે અંતઃકરણયુક્ત ચેતન; ચેતન એટલે આનંદ, જેનો કદી પણ નાશ થતો નથી. ( જે કદી પણ ઓછું થઈ શકે નહિ ) જીવ એવો અખંડ પૂર્ણ આનંદસ્વરૂપ હોવા છતાં તુચ્છ વિષયની લાભહાનિથી સુખીદુઃખી થાય છે. વિષયોના સહવાસથી તે મોહિત થાય છે અને પોતાનું સ્વરૂપ ભૂલી જાય છે.

**નિર્વિકારી મનમાં જ આનંદ પ્રકટે છે:**—સમાધાનના સમયે કામનાની શાંતિ થવાથી મન વિકારથી મુક્ત થાય છે.



નિર્વિકાર મન થતાં જ આનંદનો અનુભવ થાય છે. એટલે જ્યારે જ્યારે મન નિર્વિકાર હોય ત્યારે ત્યારે જીવ પોતાના ખરા આનંદ સ્વરૂપનો અનુભવ કરે છે. એ ત્રિકાલાબાધિત સિદ્ધાંત છે. નિદ્રામાં, સમાધિમાં એટલું જ નહિ પણ જો એક ક્ષણ માટે પણ મન સ્થિર થાય તો તે સમયે આનંદનો અનુભવ થાય છે, કારણ કે તે સમયે મન કામનાઓથી વિકૃત નથી રહેતું.

**આનંદ શું છે?**–અંતઃકરણ સુખ ભોગવવાનું સાધન છે. જો વિષયોની કામનાઓથી આ અંતઃકરણ વિકૃત ન હોય તો એમાનાં અખંડ આનંદનો જ અનુભવ થાય. દુઃખનો લેશ પણ ન હોય. પરંતુ જીવ વિષયભોગમાં રમખાણ થઈ જાય છે અને ત્યાં સુખ શોધવા મથે છે, જ્યાં એને આદિ, મધ્ય અને અંતે દુઃખ જ ભોગવવું પડે છે. વિષયોમાં જે કાંઈ થોડું સુખ માલમ પડે છે તે પણ વિષયનું નથી, પણ ચેતનનું જ હોય છે. જેમ કૂતરું સૂકું હાડકું ચાવે છે, અને જ્યારે મોં છોલાઈ જાય છે ત્યારે તેના મોઢામાંથી લોહી નીકળે છે. એ લોહી ચાટવામાં એને સુખ થાય છે. એ સ્વાદસુખ હાડકામાં નથી પણ પોતાના જ લોહીનું છે. છતાં અજ્ઞાનથી એ એમ માને છે કે એને હાડકામાંથી સ્વાદ મળે છે. તેમજ વિષયમાં આનંદ નથી. ખરી વાત એમ છે કે વિષયનો ભોગ પ્રાપ્ત થતાં જ તેનું એક પ્રકારનું સમાધાન થાય છે એટલે એની કામના શાંત થાય છે. અંતઃકરણ કામનાના વિકારથી મુક્ત થાય છે એમ થતાં જ જીવને આનંદનું ભાન થાય છે. એ આનંદ પોતાનો હોવા છતાં જીવ અજ્ઞાનથી માને છે કે એ આનંદ વિષયભોગમાંથી મળે છે.

**વિષય ભોગમાં સુખ નથી:**—વિષયોમાં આનંદ હોત તો તે બધાને સર્વ કાળે અને સરખા પ્રમાણમાં આનંદ આપત. પરંતુ અનુભવ એવો નથી. એક જ વિષયથી

એકને સુખ થાય છે તો બીજાને દુઃખ થાય છે. જે વિષય એક વખત સુખ આપે છે તે જ તેને બીજી વખત દુઃખ આપે છે. જ્યારે સુખ થાય છે ત્યારે પણ તે એક પ્રમાણમાં નથી રહેતું. બીજી વાત એ છે કે જો વિષય જ સુખ આપે છે એટલે વિષય વગર સુખ જ નથી એવું હોય તો એવો અનુભવ નથી નિદ્રામાં, કે સમાધિમાં, કોઈપણ વિષય નથી રહેતો છતાં ત્યાં સુખનો અનુભવ થાય છે. એટલે જ્યાં જ્યાં વિષય ત્યાં ત્યાં સુખ અને જ્યાં વિષય નથી ત્યાં સુખ નથી એમ સિદ્ધ થતું નથી. એટલે વિષયમાં સુખ નથી એમ સિદ્ધ થયું. વિષયમાં જે સુખ દેખાય છે, તે વાસ્તવિક જીવના પોતાના સ્વરૂપનું જ હોય છે. વિષય ભોગવતા જે જે ક્ષણે જે જે મનુષ્યને સમાધાન થાય તે જ ક્ષણે તેને સુખ થાય છે. એટલે જયારે જયારે સમાધાન થાય ત્યારે ત્યારે સુખ હોય એ સિદ્ધાંત છે એમાં અપવાદ નથી

**જીવ સ્વયં સુખ સ્વરૂપ છે**–ઉપરના વિવેચનથી આ સ્પષ્ટ થયું કે જીવ સ્વયં સુખ સ્વરૂપ છે અને તેથી જ સુખ મેળવવા માટે એને કોઈ પણ ક્રિયા કરવાની આવશ્યકતા રહેતી નથી. નિર્હેતુક કર્મ જ્ઞાનીજ કરી શકે છે. કેમકે તે પોતે સુખ સ્વરૂપ હોવાથી એને બહારથી કોઈપણ પ્રકારનું સુખ મેળવવાની ઈચ્છા રહેતી નથી. આવો પુરુષ આદર્શ સ્વરૂપ છે. એને સુખની ઈચ્છાનો અભાવ હોવાથી કામનાઓનો અભાવ થાય છે, અને કામનાઓના અભાવે રાગ, દ્વેષ, લોભ, ભય, ક્રોધ વગેરે બધા પ્રકાર આપોઆપ નષ્ટ થઈ જાય છે. એનું મન આવી રીતે નિર્વિકાર સ્થિતિમાં રહે છે અને તેથી એના આનંદનો કદી પણ લોપ થતો નથી. તેનો સંસાર સુખમયજ હોય છે.

'આનંદમય જીવન રહસ્યના આધારે

સંકલન : **શ્રી ઈશ્વરભાઈ શાહ**



# રામકથા

–યોગેશ્વરજી

[મહાત્મા શ્રી યોગેશ્વરજીએ વર્ષો પહેલાં નવલકથાના સ્વરૂપમાં લખેલી રામકથાને અધ્યાત્મના વાંચકો માટે ક્રમશઃ રજુ કરવાનું વિચાર્યું છે.

રામકથા કદી જૂની અથવા નીરસ થતી નથી. એને અનેકવાર વાંચો છતાં એનું આકર્ષણ માનવમાત્રને માટે રહેવાનું જ એટલે અધ્યાત્મનાં વાંચકો એને આવકારશે એવી આશા છે.

આ કથાના આલેખન પાછળના પોતાના ઉદ્દેશ અંગે શ્રી યોગેશ્વરજીના ઉદ્દગારો આપણે જોઈએઃ–

"આદિ કવિ મહર્ષિ વાલ્મિકીએ, સંત-શિરોમણિ તુલસીદાસે ને બીજા ભક્ત કવિઓએ પોતપોતાની આગવી રીતે રામકથાને ગાઈ બતાવી છે. મારામાં એટલી બધી યોગ્યતાનો નિતાંત અભાવ હોવા છતાં, એમને પગલે ચાલીને એ કથાને મારી રીતે, કેટલાક જરૂરી ફેરફાર સાથે, નવલકથાને લોકપ્રિય ને લોકભોગ્ય રૂપમાં રજૂ કરી રહ્યો છું."

"આ નવલકથા લખતી વખતે મુખ્ય આધાર મેં વાલ્મિકી રામાયણ પર રાખ્યો છે, છતાં પણ જ્યાં જ્યાં ઉચિત લાગ્યું ત્યાં ત્યાં સુધારાવધારા પણ કર્યાં છે. એ સુધારાવધારા અસલ ઐતિહાસિક કથાને અન્યાય ના કરે તેનું ધ્યાન રાખ્યું છે. કથામાં 'નિષ્કામ'નું પાત્ર મેં પોતે જ ઉભુ કર્યું છે, તે ઉપરાંત તુલસીદાસે જેના પર જરાપણ પ્રકાશ નથી પાડયો તે ઉર્મિલાના મહત્વના પાત્રનું યથાશક્તિ આલેખન કરવાનું ખાસ ધ્યાન રાખ્યું છે. આગળ ઉપર મંદોદરીના વ્યક્તિત્વને

પણ મેં મારી રીતે જ રજૂ કર્યું છે, એ દૃષ્ટિએ જોતાં આ નવલકથા રામકથા પરથી લખાયેલી હોવા છતાં, પરંપરાગત રામકથા કરતાં જરા જુદી અને મૌલિક લાગશે. ઉર્મિલા અને મંદોદરીના પાત્રાલેખનનું આકર્ષણ ના હોત તો આ નવલકથા લખવા હું ભાગ્યેજ પ્રેરાત.”]

–તંત્રી

## મિથિલા નગરીમાં

મિથિલા નગરીની શોભા જોઈને રામ અને લક્ષ્મણ બંનેને ઘણો આનંદ થયો, હજુ તો એમણે નગરમાં પ્રવેશ જ કર્યો હતો. નગરના એક ભાગને જ જોયો હતો અને આખુ નગર તો જોયું પણ ન હતું, છતાં પણ એનાથી પ્રભાવિત થયા વગર અથવા અંજાયા વગર એ ના રહી શક્યા. નગરને વિશાળ, વૃક્ષોની પંક્તિઓથી વિંટળાયેલો સ્વચ્છ રાજમાર્ગ, એની બંને બાજુએ ઉભેલાં સુંદર ભવ્ય મકાનો, જળાશયો અને ઉદ્યાનો એમની આંખ અને એમના અંતરને આનંદ આપી રહ્યાં. સાંજનો સમય હતો, એટલે તો વાતાવરણ અત્યંત આહ્‌લાદક લાગતું હતું, અસ્થાચળ પર પહોચતા સૂર્યને ભાવભીની વિદાય આપવા માટે નગરે જાણે નવો સાજ સજ્યો હોય એવો ભાસ થતો હતો. એ શોભા કોઈનાય હૈયાને હલાવી દે તેવી હતી.

રામ અને લક્ષ્મણે મુન વિશ્વામિત્રને કહ્યું પણ ખરું:

'મિથિલા નગરી તો વિશ્વકર્માએ પોતેજ વસાવી હોય એવું લાગે છે. આ નગરી સંબંધી સાંભળ્યું તો ઘણું હતું, પરંતુ એને પ્રત્યક્ષ જોવાનું સૌભાગ્ય તો આજે જ મળ્યું.'

'એની સુંદરતા સંબંધી જે સાંભળ્યું છે તે સાચું છે એવી એના પ્રત્યક્ષ અવલોકનથી પ્રતીતિ થઇ. તમે મિથિલાની પ્રશસ્તિ કરતા ત્યારે અમને એ અતિશયોક્તિભરી લાગ્યા



કરતી. પરંતુ હવે લાગે છે કે એમાં અતિશયોક્તિ જેવું કશું જ ન હતું, ઉલટુ એ પ્રશસ્તિ અલ્પ હતી.'

'હું કદી અસત્ય ભાષણ નથી કરતો, રઘુનંદન ! જે સાચુ હોય છે તે જ બોલી બતાવું છું.' વિશ્વામિત્ર બોલ્યા: મિથિલાનગરીનો મહિમા ઘણો મોટો છે. એ મહિમાનેવધારનારી બે વ્યક્તિઓ અહીં વસી રહી છે.

' કઈ બે વ્યક્તિઓ ?

' એક તો રાજા જનક. એ રાજા છે તો નાના, પરંતુ એમનું મન અને અંતર ઘણું મોટું છે, એ તપસ્વી, સંયમી, લોતહિતૈષી તથા જ્ઞાની છે. રાજકાર્યમાં રત રહેવા છતાં આત્માભિમુખ વૃત્તિને લીધે એ એની અસરથી અલિપ્ત રહે છે. વ્યોમનાં વાદળ જેમ સૂર્યને બાધક નથી બની શકતાં તેમ વ્યાવહારિક કર્યો એમના આત્માને કુંઠિત નથી કરતાં. એ વિવેકી છે, વૈરાગ્યવાન છે. તથા સત્યવ્રતી છે, અને પ્રજાહિતની ભાવનાથી ભરપૂર હોઈને પ્રજા પાસેથી જે કાંઈ કર લે છે તે વરસાદી વાદળની પેઠે પ્રકારાંતરે પાછો પ્રજાને અર્પણ કરે છે. એ બાબતમાં એમની તમારા પિતા દશરથની સાથે સમાનતા છે. એટલે તો મોટા મોટા વિદ્વાનો ને મુનિઓ પણ એમને આદરભાવથી જોયા કરે છે.

' અને મિથિલાના મહિમાને વધારનારી બીજી વ્યક્તિ ?'

' બીજી વ્યક્તિ જનકપુત્રી સીતા છે. રૂપ અને ગુણમાં એનો જોટો જડવો મુશ્કેલ છે. કહે છે કે જમીનને ખેડતી વખતે જનકને એની પ્રાપ્તિ થઈ છે. ધરતી પોતે જ જાણે શરીર ધારણ કરીને પ્રગટ થઈ હોય એવી એ શીલ, સૌંદર્ય તેમજ સહનશક્તિની મૂર્તિ છે. જ્યારથી એ જનકને આવી મળી છે ત્યારથી એમની શક્તિ, કીર્તિ ને સમૃદ્ધિમાં વધારો થયો છે. એને જોશો ત્યારે એ તમને સાક્ષાત્ લક્ષ્મી જેવી

લાગ્યા વિના નહીં રહે. રાજા જનકના આમંત્રણને માન આપીને આપણે એના જ સ્વયંવરમાં ભાગ લેવા આવી પહોંચ્યા છીએ. એ તો તમને યાદ જ હશે !

'હા, યાદ છે. એ તો કેવી રીતે ભૂલાય ? આપણું અહીં આવવાનું પ્રયોજન તો યાદ રહેવું જોઈએ ને ?' રામ સુમધુર સ્મિત કરતા બોલી ઉઠ્યા : 'તમારો આશીર્વાદ હશે તો સ્વયંવરમાં વિજયી થઈશું, અને પિતા દશરથના રઘુકુળના યશને વધારીશું.'

મારો આશીર્વાદ તો છે જ.'

લક્ષ્મણે કહ્યું :

'સ્વયંવરમાં તો મોટા મોટા વીરપુરુષો આવ્યા હશે, એ બધા પોતાના પરાક્રમનો પરિચય આપવાનો પ્રયાસ જરૂર કરી જોશે. પરંતુ અમને તો તમારા આશીર્વાદમાં વિશ્વાસ એ અમારે માટે શ્રેયસ્કર થશે; એમાં લેશ પણ શંકા નથી લાગતી'.

'એક વાત કહું, ગુરુદેવ !' રામ બોલી ઊઠયા : 'મિથિલાના દર્શનથી અત્યંત આનંદ થાય છે એમાં શંકા નહિ, આ નગરી લાગે છે પણ ખરેખર અદ્‌ભુત અને અનેરી. અત્યારે એ ઇન્દ્રપુરી જેવી શોભી રહી છે, એનું વાતાવરણ આહ્‌લાદક લાગે છે છતાં પણ કોણ જાણે કેમ પણ આ નયનાભિરામ નગરીને જોઇને અયોધ્યાની સ્મૃતિ થાય છે.'

'મારી આંખ આગળ પણ અયોધ્યા તરી આવે છે, એ શાંત, સુંદર સરયુ, એના વિશાળ તટપરની પેલી સારસપંક્તિ, એના સરસ સુવર્ણમંડિત ઉત્તુંગ રાજપ્રસાદ અને એથીયે અનેરા અમારા માતાપિતા અને અમારા નાનાભાઇઓ તેમને જોયે કેટલો બધો વખત થયો !'

'મને પણ એ જ યાદ આવે છે, લક્ષ્મણ ! આપણે જેમ આપણા માતાપિતાને ભાઇઓને યાદ કરીએ છીએ તેમ એ



પણ આપણને યાદ કરતા હશે. એમને મળવાનું હવે મન થાય છે. મહર્ષિના યજ્ઞની રક્ષા કરવા આવ્યા ત્યારથી એમને જોવાનો અવસર નથી આવ્યો. હવે યજ્ઞની રક્ષાનું કાર્ય પૂરું થયું છે એટલે મન એમની પાસે અવારનવાર દોડી જાય છે અને એમના સાન્નિધ્યનું સુખ મેળવવાનો મનોરથ કરે છે."

'સ્વયંવર પૂરો થયે એમને મળી શકાશે.' વિશ્વામિત્રે કહ્યું: 'એમને મળવાનું મન થાય એ સ્વાભાવિક છે, પણ હવે એને વધારે વાર નહિ લાગે.'

"માતાપિતા અને સ્વજનોની સ્મૃતિ કોને નથી સતાવતી કે નથી સુખ આપતી ? સ્નેહથી ભરેલા કે છલેલા હૃદયોને તો એ વધારે સતાવે છે, પરંતુ સાચું કહું તો ગુરુદેવ મને મિથિલામાં કંઇક ખુટતું લાગે છે, મિથિલા મને અયોધ્યા જેટલી આનંદદાયક નથી લાગતી."

"મારું અંતર પણ એવું જ કહે છે, લક્ષ્મણે સંમતીસુચક ઉદ્‌ગાર કાઢયા. એનાથી એવા ઉદ્‌ગાર કાઢયા વિના રહી જ ના શકાયું. મિથિલા આટલી બધી સુંદર, સ્વચ્છ અને મધુમયી હોવા છતાં અયોધ્યાની જેમ હૃદયને સ્પર્શ નથી કરતી, હૈયાને હલાવતી નથી ને શાંતિ પણ નથી કરતી, અયોધ્યામાં તો એવું લાગતું કે જાણે ધરતીનો છેડો આવી ગયો અહીં એવું નથી લાગતું તેનું કારણ ?'

'એનું કારણ સ્પષ્ટ છે. જનની અને જન્મભૂમિને સ્વર્ગ કરતાં પણ વધારે ઉત્તમ કે શ્રેષ્ઠ કહેવામાં આવી છે. અયોધ્યા તમારી જન્મભૂમિ છે તથા તમારી માતા કૌશલ્યા અને સુમિત્રા પણ ત્યાં જ છે. એટલે એના તરફ તમને અધિકાધિક આકર્ષણ હોય એ સ્વાભાવિક છે,' વિશ્વામિત્રે ઉત્તર આપ્યો.

'જનની અને જન્મભૂમિનું એવું અસાધારણ આકર્ષણ

સૌના દિલમાં રહેતું હશે ?'

'કોઈક વિરક્ત, વિવિક્તસેવી, મહાપુરુષને બાદ કરતાં લગભગ બીજા બધાના દિલમાં એવું અસાધારણ આકર્ષણ રહેતું હોય છે, એ આકર્ષણ કુદરતી છે અને દોષરૂપ નથી. અયોધ્યા નગરીની અને દશરથ, કૌશલ્યા, કૈકયી ને સુમિત્રાની તો વાત જ શું કરવી ? એમનો જોટો તો જગતમાં જડે તેમ નથી, પરંતુ જન્મભૂમિ સામાન્ય હોય, અને માતાપિતાના ગુણ પણ સાધારણ હોય, તો પણ એમના પ્રત્યે સૌને આકર્ષણ અથવા મમતાનો અનુભવ થયા કરે છે. મનુષ્ય જ નહિ પરંતુ જીવમાત્રને માટે એ વસ્તુ સ્વભાવિક હોય છે એમ કહીએ તો પણ ચાલે. એના અદશ્ય અંકુરોને તોડવાનું કામ ઘણુ અઘરું હોય છે.'

મિથિલા નગરીની શોભાને જોતા સૌ આગળ વધ્યા.

માર્ગમાં મળતાં નરનારી રામ, લક્ષ્મણ ને મહર્ષિ વિશ્વામિત્રને જોઈને ભારે નવાઈ પામતા. એમનાથી આકર્ષાઈને એ એમને મંત્રમુગ્ધ બનીને જોતા હોય એમ એકીટશે જોઈ રહેતા. એમના વિશે ચિત્રવિચિત્ર અનુમાન કરતાં વાતે વળગતા.

રામ અને લક્ષ્મણનું રૂપ સૌ કોઈના આકર્ષણ અને આનંદનો વિષય બન્યા વિના ના રહેતું.

એટલી કલ્પના તો સૌ સહેલાઈથી કરી શકતા કે એ બંને સીતાના સ્વયંવરમાં ભાગ લેવા માટે જ આવ્યા હશે.

એ નિમિત્તે એમને જોવાનો લાભ મળ્યો એમ માનીને સૌ રાજી થતા.

જનક રાજાના રાજપ્રાસાદથી થોડેક દૂર જુદા જુદા રાજાઓ અને રાજકુમારો ઉતર્યા હતા. એ સ્થળની બાજુમાં એક સ્વચ્છ સુંદર સ્થાન જોઈને મુનિ વિશ્વામિત્રે રામલક્ષ્મણ સાથે ઉતારો કર્યો અને રાજા જનકને પોતાના શુભાગમનનો સંદેશો કહેવડાવ્યો.



શ્રેય યાત્રા (૯)

# કર્મફળ અને મંત્ર જપ

ભાઈલાલભાઈ છાટબાર

તા ૧૭-૧૧-૫૨. સવારની બેઠક શરૂ થઈ છે. મહાત્માજી ગાદી ઉપર બેઠા છે. માતાજી અલગ આસન ઉપર છે. હું જઈને પ્રણામ કરીને બેઠો. થોડી વારમાં બે વ્યક્તિ દર્શન-વંદન માટે આવી. આજે આ પ્રમાણે સંવાદ ચાલ્યો.

**પ્રશ્ન**—ગીતાજીમાં ભગવાન कर्मण्येवाधिकारस्ते, मा फलेषु कदाचन' એમ કહે છે. ફળની ઇચ્છા રાખવાની ન હોય તો પછી માણસ કર્મ જ શું કામ કરે ?

મહાત્માજી—જ્યાં સુધી આત્મા, દેહ-વાણી-મન-બુદ્ધિ-ઇન્દ્રિયો સાથે જોડાયેલો છે ત્યાં સુધી કર્મો ચાલુ જ રહેવાના છે. કર્મનો પરિત્યાગ શક્ય નથી. જીવન જીવવામાં કર્મની જરૂર રહે છે તેથી માણસ કર્મ કર્યા વગર રહી પણ શકતો નથી. વળી કર્મનો પરિત્યાગ આવશ્યક પણ નથી.

અમે તો કહીએ છીએ કે કર્મ કરવું અને તેના ફળની ઇચ્છા પણ રાખવી. તમે ઇચ્છા ન કરો તો પણ કર્મનું ફળ કંઈક આવે છે જ. કારણ-કાર્ય-ફળ આ સ્વાભાવિક ક્રમ છે.

અનારંભને વરેલા ભક્તના મનમાં કાર્યને પ્રેરનારું કારણ ઊભું થતું નથી. સ્વાભાવિક પ્રવાહથી આવી પડેલ કાર્ય માત્ર તે કરતો હોય છે. તે મનમાં નવા નવા ઘાટ ઘડતો હોતો નથી. કર્મ કે કર્મફળનો હેતુ તે થતો નથી તેમજ તેનો અકર્મમાં સંગ પણ થતો નથી.

કર્મોનો ત્યાગ અને કર્મોના ફળોના ત્યાગ વચ્ચે આસમાન જમીનનું અંતર છે.

કર્મ થાય જ છે તો પ્રત્યેક કર્મ જ્ઞાનયુક્ત હોવું જોઈએ. જ્ઞાનયુક્ત કર્મ મનુષ્યને જાગ્રત રાખે છે.

કર્મના ફળનો ઉપભોગ ત્યાગભાવથી કરવાનો છે. કર્મફળની વહેંચણી એ યજ્ઞ છે. ધન, વિદ્યા, સત્તા, પ્રતિષ્ઠાનો લાભ ત્યાગભાવથી સ્વીકારવાનો રહે છે. સમસ્ત સમાજમાં યજ્ઞ રૂપે વહેંચણી કરીને તે લાભનો ઉપભોગ કરવાનો છે.

પોતાના વ્યવસાયની પેઢી ઉપર પણ પરમાત્માના નામનું લેબલ લાગેલું છે, તેમ સમજીને ચાલવાનું છે. નાનાંમોટાં સર્વ કામ પરમાત્માની પ્રસન્નતા માટે છે. આ બધું પરમાત્માનું ધન છે. પરમાત્માનું છે અને તેને સોંપીને સંસારમાંથી ચાલતા થવું પડે છે.

જીવન કેવળ મોજ માટે નથી. જીવન નિર્ભેળ આનંદ-વિવેકયુક્ત આનંદ માટે છે. મન અને વૃત્તિઓ, નિર્ભેળ આનંદની પ્રાપ્તિ વચ્ચે આવે છે. કર્મ કરતાં કરતાં મનુષ્ય અહંકાર, આસક્તિઓ અને ભ્રમણાઓનો શિકાર બને છે. મન અને વૃત્તિઓ ઉપર નિયંત્રણ જરૂરી છે.

ગીતાનો મહત્ત્વનો બોધ તો અકર્મણ્ય વૃત્તિમાંથી બહાર કાઢી કર્મમાં લાગી જવાની સાધના છે.

કર્મ અને કર્મનું ફળ નહિ પરન્તુ કર્મના ફળની આસક્તિ છોડી દેવાની ખાસ વાત તરફ ભગવાનનો નિર્દેશ છે.

શ્રેષ્ઠ, મધ્યમ કે કનિષ્ઠ કોઇ પણ પ્રકારનું કર્મનું ફળ આવી મળે તો હર્ષ કે શોકથી દૂર રહેવાનો બોધ છે. શ્રેષ્ઠફળ આવી મળે તો મોહવશ થવાનું નથી. પરન્તુ આ શ્રેષ્ઠફળનો, ત્યાગ-ભાવનાથી સમસ્ત સમાજમાં યજ્ઞરૂપે વહેંચણી કરીને ઉપયોગ કરવાનો છે. મધ્યમ કે કનિષ્ઠ ફળ આવે તો તેનાથી હતાશ થવાનું નથી.

કર્મના ફળની આસક્તિ જ છૂટી ગઈ હોય એટલે



સમત્વ જળવાઈ રહે છે. કર્મમાં કેવી બુદ્ધિ રાખવી તેની ભગવાને વાત કરી છે.

સ્વધર્મ પ્રેરિત કાર્ય કરવાં અને કાર્યનાં જે કંઈ ફળ આવી મળે તેને અનાસક્ત ભાવે જોવાં એવો ભાવાર્થ, તમે પૂછો છો તે પંક્તિનો થાય છે.

ભગવાન નિર્દ્વન્દ્વ, નિર્યોગક્ષેમ અને નિત્યસત્વસ્થ થવાનું અને પરિણામ સ્વરૂપ નિસ્ત્રૈગુણ્ય થવાનું કહે છે. આમ ભગવાન આપણને પરમ નિઃશ્રેયસનો રાજમાર્ગ દેખાડે છે.

સમત્વ, બુદ્ધિયોગ અને કર્મમાં કુશળતા—આ ત્રણેય કર્મ માટે જરૂરી છે. કર્મમાં કુશળતા, ફળની આસક્તિનો ત્યાગ, સિદ્ધિ-અસિદ્ધિમાં સમત્વ અને તે બધાંને પરિણામે નિસ્ત્રૈગુણ્યભાવ પ્રાપ્ત થતાં, નિશ્ચયાત્મિકા બુદ્ધિ વડે તે કર્મ-યોગને સાંગોપાંગ પાર ઉતારવાથી, આત્માનુભવ પ્રાપ્ત થાય એમ ભગવાન કહે છે.

બપોરના ૪-૦૦ વાગ્યાની બેઠક શરૂ થઈ છે. મહાત્માજી ગાદી ઉપર તકિયાને અઢેલીને બેઠા છે અને માતાજી અલગ આસન ઉપર બેઠાં છે. હું જઈને પ્રણામ કરીને બેઠો. અન્ય બે ભાઈઓ પણ દર્શન વંદન માટે આવ્યા. આજે આ બેઠકમાં સંવાદ આ પ્રમાણે ચાલ્યો.

પ્રશ્ન—જપ કરતાં થાકી જવાય ત્યારે શું કરવું ?

મહાત્માજી—જપ કરતાં થાકી જવાય ત્યારે ધ્યાનનો આશ્રય લેવો. ધ્યાનમાં થાકી જવાય ત્યારે ફરીથી પાછા જપ શરૂ કરી દેવા. જે જપ અને ધ્યાન બંને કરે છે. તેને મંત્ર જલ્દી ફળે છે. જપ કરતાં પહેલાં પ્રાણાયામથી વિશુદ્ધ થવું આવશ્યક છે.

પ્રત્યેક શ્વાસ-પ્રશ્વાસ પર નિશાન તાકીને નામજપ કર-

વાથી સમસ્ત પ્રારબ્ધ બહુ શીઘ્ર નષ્ટ થઈ જાય છે. શ્વાસ-પ્રશ્વાસમાં નામજપ કરતાં કરતાં, દેહ-મન સાત્ત્વિક બની જાય છે

જેની જીભ પારકાના અન્નથી દૂષિત છે, જેના હાથ પરિગ્રહથી દૂષિત છે અને જેનું મન પરસ્ત્રીના મોહથી દૂષિત છે, તેને મંત્રસિદ્ધિ પ્રાપ્ત થતી નથી.

જપમાં વૈખરી વાણીમાંથી પરાવાક્ તરફ જવાનો પ્રયત્ન છે અને શબ્દબ્રહ્મમાંથી પરબ્રહ્મ તરફ જઈ શકાય છે.

શબ્દના આલંબનથી શબ્દાતીત તરફ જવાની એ સાધના છે

ઉપપ્રશ્ન—વળી કદીક કદીક જપસાધનામાં અનિયમિત થઈ જવાય છે તો શું કરવું ?

મહાત્માજી—નિયમપાલન સોળે સોળ આના કરવું જોઈએ. થોડી અનિયમિતતા પણ કામને બગાડે છે. નિયમનો એકાદ અંશ છુટી જાય છે તો અન્ય અંશો પણ છુટતા રહે છે. વિઘ્ન આવે તો પણ પોતાના નિત્યનિયમમાં દૃઢતાથી સ્થિર રહેવું જોઈએ. બહુ જ ધીરજ સાથે શાંત ભાવે પોતાના નિત્યનિયમની રક્ષા કર્યે જવાની રહે છે.

ઉપપ્રશ્ન-માંદગી કે પ્રવાસ વખતે તો નિયમમાં રહેવાતું નથી.

મહાત્માજી:-માંદગીમાં નિયમમાં છુટછાટ મૂકી શકાય છે. સાજા થયા પછી, માંદગીમાં પડેલ ક્રમની પૂર્તિ કરવા તરફ ધ્યાન રહેવું જોઈએ. પ્રવાસમાં મુસાફરીના કલાકો દરમિયાન પ્રતિકૂળતા હોય તો ક્રમમાંથી મુક્તિ લઈ શકાય. પરન્તુ પાંચ-સાત દિવસ બહાર રહેવાનું થાય તો તે સમયગાળામાં ક્રમ ચાલુ રહેવો જોઈએ. સ્નાન, ભોજન, શયન જેવા અન્ય નિત્યકર્મોની સાથે આ અતિમહત્ત્વનો નિત્ય નિયમ પણ થવો જ જોઈએ.



વિવેકબુદ્ધિનો ઉપયોગ કરી નિત્યનિયમમાટે આવા પ્રસંગોએ પોતે પોતાનો માર્ગ કાઢી લઈ યોગ્ય કરવું જોઈએ.

પ્રવચનમાં મહાત્માજીએ સૂરદાસનું એક પદ ગાયું હતું. રાતનું પ્રવચન પૂરું થઈ ગયું છે. ધૂન પછી રાધાબહેને એક ભજન ગાયું હતું. પ્રવચન પછીની સત્સંગ બેઠક શરૂ થઈ છે. નિત્યક્રમ મુજબ હસ્તલિખિત પ્રતમાંથી મેં ત્રણચાર પૃષ્ઠ વાંચી લીધા છે. આ વાચન ઉપર વિચારોની આપ-લે થઈ ગઈ છે. મહાત્માજીએ થોડા શ્લોક ગાયા અને ત્યારપછી બે ગીત ભજન ગાયાં. સૌએ પ્રણામ કરીને રજા લીધી.

(ક્રમશઃ)

"જીવનમાં ભૌતિક સંપત્તિ ગમે તેટલી હોય, પરંતુ જ્યાં સુધી આત્મિક સુખ માટેની ભૂખ નથી જાગતી, ત્યાં સુધી સાચા સુખ કે શાંતિનો અનુભવ નથી થતો."

-શ્રી યોગેશ્વરજી

કનેરીયા એન્જીનીયરીંગ વર્કસ

શાંતિભાઈ કનેરીયા

ઓઇલ એન્જીનના ઉત્પાદકો

ઢેબર રોડ, રાજકોટ-૩૬૦૦૦૧

ફોન. નં ઘર : ૨૮૨૧૪ ઓફિસ : ૨૧૯૧૭

# પ્રકાશના પંથે

યોગેશ્વરજી
સંક્ષેપ : દીપક પ્ર. મહેતા

## સાહિત્યનો રસ અને મુંબઈ નિવાસનો અંત

નવી સંસ્થાના નિવાસ દરમ્યાન સાહિત્યના વાચન ને લેખનનું કામ પહેલાંની જેમ સતત ચાલુ રહ્યું. નરસિંહયુગથી માંડીને નર્મદ–દલપત યુગ, સાક્ષર યુગ ને ન્હાનાલાલ યુગ તથા તે વખતે ચાલી રહેલા ગાંધી યુગના ગુજરાતી સાહિત્યનું અધ્યયન મેં ખૂબ રસપૂર્વક કર્યું હતું. કવિતા તરફ મને જરા વધારે રુચિ હતી, એટલે તેને પોષવા કાવ્યગ્રંથોનું વાચન મેં સારું કર્યું હતું. ચાલુ કવિતાઓના નવા બહાર પડતા ગ્રંથો હું રસપૂર્વક વાંચી જતો. મારી લેખનપ્રવૃત્તિ પણ ચાલુ હતી, જેમાં નાટકો ને ચિંતનલેખો લખવાની શરૂઆત થઈ ચૂકેલી. કાવ્યોમાં હું વધારે ભાગે સંસ્કૃત છંદોનો જ ઉપયોગ કરતો. મારા જૂની સંસ્થાના ગૃહપતિ મારાં થોડાંક કાવ્યો વાંચી ખૂશ થયા ને મારો લેખનનો પ્રયાસ ચાલુ રહેશે તો હું એક સારો કવિ થઈ શકીશ એવો અભિપ્રાય આપ્યો તેથી મને આનંદ થયો.

ધર્મ ને સાહિત્ય અથવા આત્મોન્નતિ અને સાહિત્યના બે પ્રબળ પ્રવાહો આમ મારા તે વખતના જીવનમાં વહી રહ્યા હતા. વધારે નોંધપાત્ર વસ્તુ એ હતી કે બન્ને પ્રવાહો એક-મેકને મદદરૂપ ને પરસ્પરને પોષક હતા.

કોલેજના પ્રથમ વરસમાં મારી પાસે કાવ્યો સારા પ્રમાણ-



માં થયાં. કેટલાક મિત્રોને તે ગમતાં. તેમણે મારી પાસે મારા કાવ્યસંગ્રહની પ્રસિદ્ધિની વાત મૂકી. તે વખતે મને ગુજરાતી સાહિત્યના સાક્ષર ને હાસ્યલેખક **શ્રી જ્યોતીન્દ્ર** દવેનો પરિચય થયેલો. તેમની પાસે મારા કાવ્યસંગ્રહ માટે પ્રવેશક કે ઉપોદ્‌ઘાત લખાવવાનો મને વિચાર આવ્યો. એ વિદ્વાન પુરુષે મારી હસ્તપ્રત રાખી લીધી અને મને અમુક દિવસ પછી ફરીવાર મળવા સૂચવ્યું.

થોડા દિવસ પછી ફરીવાર મેં તેમની મુલાકાત લીધી તે વખતે તેમણે મને પ્રેમપૂર્વક સલાહ આપતાં કહ્યું: ‘કાવ્યો સારાં છે, પણ ક્યાંક ક્યાંક શબ્દોમાં ભૂલ છે. મારો વિચાર તો એવો છે કે તમે હજી થોડી ધીરજ રાખો ને રાહ જૂઓ તો સારું. લખવાનો પ્રયાસ ચાલુ રાખશો તો ભવિષ્યમાં વધુ સારાં કાવ્યો થઈ શકશે. તે વખતે હું છાપવાની સલાહ જરૂર આપીશ. હાલ તો છાપવાનો વિચાર બંધ કરો તે જ સારું છે.”

પછી તેમણે મને કેટલીક ભૂલો સમજાવી. પછી અમે છૂટા પડ્યા. તેમનો વ્યવહાર મને ઘણો ગમી ગયો, પરંતુ એમ લાગ્યું કે તે મારાં કાવ્યોને સમજી શક્યા નથી. એમ લાગવાનું કારણ એ જ કે તે વખતે મારો અનુભવ કાચો હતો. આજે હવે એ હસ્તપ્રત જોઉં છું તો તે વિદ્વાન પુરુષની સલાહ સાચી ને સમયસરની હતી તેમ લાગ્યા વિના રહેતું નથી.

આમ સાહિત્ય એક સાધના છે ને તે ધીરજ અને તપ માગી લે છે. લેખકે પોતાના લખાણને થોડો વખત રાખી મૂકીને સુધારવાની અને પછી લાંબે વખતે જાહેર કરવાની

વૃત્તિ કેળવવાની જરૂર છે. સાહિત્યની સમૃદ્ધિ માટે તે વૃત્તિનું મહત્ત્વ ઓછું નથી.

સાહિત્યના લેખન ઉપરાંત બીજી કેટલીક પ્રવૃત્તિઓમાં પણ હું ભાગ લેતો. જી. ટી. બોર્ડીંગ હોસ્ટેલમાં દર વરસે વકતૃત્વ કળાની હરીફાઈ થતી, તેમાં ભાગ લેવાનું મને ગમતું. પહેલે જ વરસે વકતૃત્વ કળાની હરીફાઈમાં આખી હોસ્ટેલમાં મને પહેલું ઇનામ મળ્યું. વિલ્સન કોલેજની વાર્ષિક વકતૃત્વ હરીફાઈમાં પણ પહેલું ઇનામ મારે જ ફાળે આવ્યું. વળી કોલેજના વાર્ષિક અંકમાં મેં 'ગાંધી યુગનું સાહિત્યમાં સ્થાન' નામે એક લેખ આપ્યો તેને માટે સમસ્ત ગુજરાતી વિભાગમાં મને પહેલું ઇનામ મળ્યું. એ રીતે મારી કોલેજ જીવનની કારકીર્દિ ઘણી સારી હતી. મારા ગુજરાતીના પ્રોફેસર શ્રી પી. કે. શાહ માયાળુ ને સજ્જન પુરુષ હતા. મારા પર પ્રેમ રાખતા. ગુજરાતીનો વિષય લઈને હું બી. એ. થાઉં ને ઉત્તમ કારકીર્દી પ્રાપ્ત કરું એવી એમની ભાવના હતી અને તેથી પ્રેરાઈને ગુજરાતીના પ્રોફેસર થવાનો વિચાર. મારા દિલમાં અવાનવાર સ્ફુરી આવતો.

પરંતુ ઈશ્વરની ઇચ્છા જુદી જ હતી. તેની ઇચ્છા મને આધ્યાત્મિકતાના માર્ગપર, પૂર્ણતા ને પ્રકાશને પંથે, આગળ ને આગળ લઈ જવાની હતી. તેને લીધે મારે હિમાલયની નવી જ યુનિવર્સિટીમાં પ્રવેશ કરવો પડ્યો ને લાંબા વખત સુધી નવી તાલીમ લેવી પડી.

કોલેજના વખત દરમ્યાન મારો વૈરાગ્યભાવ વધતો જતો હતો. કોલેજના અભ્યાસમાં મારું મન લાગતું ન હતું. હિમાલયની યાદ કોણ જાણે કેમ પણ મને વારંવાર આવ્યા



કરતી. હિમાલય જેવા શાંત ને સુંદર પ્રદેશમાં રહેવાનું મળે તે માટે હું પ્રભુને પ્રાર્થના પણ કરતો.

કોલેજનું એ વરસ મારા માટે ક્રાંતિકારી સાબિત થયું. પરીક્ષાના છેલ્લા દિવસો સુધી મેં જરૂરી વાચન કર્યું નહીં અને અધુરી તૈયારીએ જ પરીક્ષા આપી. પરિણામે હું બે એક વિષયમાં પાંચ જેટલા માર્કે નાપાસ થયો. વેકેશનમાં હું વડોદરા હતો. ત્યાં મને પરિણામની માહિતી મળી. મને જરા દુઃખ થયું. કેમકે નાપાસ થવાનો પ્રસંગ મારા માટે આ પહેલો જ હતો. નપાસ થયેલા વિદ્યાર્થીને ફરીથી જી. ટી. બોર્ડીંગની સંસ્થામાં દાખલ નથી કરતા એવી મારા પર છાપ પડેલી. એટલે મેં ફરી મુંબઈ જવાનો કે સંસ્થામાંથી માહિતી મગાવવાનો પ્રયાસ ન કર્યો. કર્યો હોત તો કદાચ આજે જીવનનો નકશો જુદો હોત. કેમકે પાછળથી મને માહિતી મળી કે હું સંસ્થામાં ફરી કેમ ન ગયો તે માટે સંસ્થાના સંચાલકો તરફથી પૂછપરછ કરવામાં આવેલી. હું સંસ્થામાં ગયો હોત તો મને પ્રવેશ જરૂર મળ્યો હોત. પરંતુ હું મુંબઈ જઈ ના શક્યો તેમાં મારા પ્રારબ્ધ સંસ્કારે, સંકોચશીલ સ્વભાવે, ઈશ્વરની ઇચ્છાએ કે મારી સંસ્થાના નિયમોની અજ્ઞાનતાએ, ખરેખર તે બધાં એ કે તેમાંથી કોઈ એકે તો કોણે, ભાગ ભજવ્યો, તે કોણ કહી શકે? પણ એટલું તો સાચું કે નપાસ થવાની એ ઘટનાએ મારા આખા જીવનનો પ્રવાહ પલટાવી દેવામાં ઘણો મહત્ત્વનો ભાગ ભજવ્યો.

વડોદરામાં રહીને મેં કોલેજનો અભ્યાસ કરવાની શરૂઆત કરી પણ તે કારકિર્દી પણ લાંબો વખત ટકી નહીં. મુંબઈ અને વડોદરાના સામાન્ય અભ્યાસ પછી મારા કોલેજના

અભ્યાસનો અંત આવ્યો. મારા જીવનમાં નવી તાલિમની શરૂઆત થઈ. કોઈ વિદ્યાર્થી મેટ્રિક, પ્રિવીયસ, ઈન્ટર પછી જેમ દાક્તરી, વકીલાત કે એન્જિનિયરીંગ કે એવી બીજી કોઈ લાઈન લે તેમ મેં પણ આધ્યાત્મિક ઉન્નતિની સાધનાની એક નવી જ લાઈન લીધી ને તેમાં પારંગત થવાનો પ્રયાસ કર્યો. તે લાઈનમાં ઈશ્વરદર્શન, સાક્ષાત્કાર, સમાધિ, સિદ્ધિ, પૂર્ણતા સ્થિતપ્રજ્ઞ દશા જેવી જુદી જુદી ડિગ્રીઓ છે. કહો કે વિકાસની દશાઓ છે. તે લાઈનમાં વરસોથી મારો અભ્યાસ શરૂ થયો છે અને ચાલ્યા કરે છે.

## મહર્ષિ અરવિંદને પત્ર અને તેમનો પ્રત્યુત્તર

ઈશ્વરને કદાચ થયું હશે કે ગુજરાતીના પ્રોફેસર તો કેટલાય થાય છે ને બીજા કેટલાય થશે; આના ના થવાથી તેમના વર્ગમાં કાંઈ ખોટ પડવાની નથી, પણ આ જો પ્રોફેસર થશે તો પછી હિમાલયના એકાંત પ્રદેશમાં રહીને મારી કૃપાની પ્રાપ્તિની સાધના કોણ કરશે? અને તેથી સાધનામાં સફળ થઈને મારામાંથી શ્રદ્ધાભક્તિ ખોતા ને જડતા તરફ વધારે ને વધારે પ્રમાણમાં વળતા જતા સંસારને મારો માર્ગ કોણ બતાવશે? માટે આને વહેલી તકે સાધનાના સ્વતંત્ર જીવનનું દાન કરું તે સારું છે. સાધનાના સ્વતંત્ર ક્ષેત્રમાં શ્વાસ લઈને અત્યારથી જ આ સંકટ સહન કરે, મૂંઝવણ ને મુશ્કેલી વેઠે, પોતાની જાતનું ક્રમે ક્રમે છતાં ચોક્કસ રીતે ઘડતર કરે, તે જરૂરી છે, એવી કોઈ વિચારધારાથી પ્રેરાઈને જ ઈશ્વરે મને મુંબઈના વાતાવરણમાંથી ઉપાડી લીધો હશે. આ તો કલ્પના છે. બાકી કર્યું કામ તેણે શા હેતુથી પ્રેરાઈને કર્યું તે કોણ કહી શકે? તેની લીલાનો સાચો સારાંશ તે જ જાણે છે.



અને એક રીતે અત્યારે હું પ્રોફેસર જ છું કે બીજું કાંઈ? અભ્યાસ કરતાં કરતાં હું બીજાને મદદરૂપ થવાનું જ કામ કર્યા કરું છું.

વડોદરામાં સાધનાનો પ્રવાહ અસ્ખલિત રીતે ચાલ્યા કરતો. વડોદરામાં તે દિવસોમાં સ્વામી જીવનતીર્થ નામે એક પુરુષ આવેલા તે સંગીત વિદ્યાલયની સામેના મકાનમાં યોગાશ્રમ ચલાવતા. સ્વામીજી મારા પર પ્રેમ રાખતા. તેથી હું અવારનવાર તેમની પાસે જતો ને પાછળથી હું ત્યાં નેતિ, ધોતિ, જેવી ષટ્ક્રિયાઓ પણ શીખ્યો.

યોગીશ્રી અરવિંદ અને એમના આશ્રમ વિશે મને સાધારણ માહિતી હતી, યોગની સાધના કરીને અમુક ચોક્કસ સિદ્ધિ મેળવ્યા પછી તે દેશને મદદ કરવાના છે અને દોરવણી આપવાના છે એમ પણ મેં સાંભળેલું. પરિણામે મને તેઓ તરફ આકર્ષણ થયું ને મને થયું કે આવા મહાપુરુષની સાથે રહેવાનું સૌભાગ્ય મળે તો કેવું સારું? માણસ પરમાત્માનું દર્શન પણ કરે ને પછી યોગની, પરમાત્માની કૃપા પ્રસાદીરૂપે મળેલી શક્તિથી દેશને સ્વતંત્ર ને સુખી કરવામાં મદદરૂપ પણ બને. વળી સાથે સાથે સંસારને પણ શાંતિનો સંદેશ સંભળાવે, તેમ થવું શું શક્ય નથી? સાધના દ્વારા માણસ પોતાનું મંગલ તો કરશે જ પણ સાથે સાથે બીજા પણ કરોડોનું કલ્યાણ કામ કરી શકશે.

એ વિચારની પ્રબળતાથી મારું મન હાલી ગયું. એ મનોદશામાં દિવસો સુધી રહ્યા પછી અરવિંદ આશ્રમમાં દાખલ થવા માટે મેં મહર્ષિ અરવિંદને એક પત્ર લખ્યો. મેં લખેલું કે મને ઈશ્વરદર્શનની લગની લાગી છે, તમારા જેવા મહા-

પુરુષ મને તે માટેનો માર્ગ બતાવશે એમ માનીને મને આશ્રમમાં આવવાની ઇચ્છા થઈ છે. આશા છે કે આશ્રમમાં રહેવાની મંજૂરી મને મલશે. પત્ર ઘણો લાંબો હતો પણ તેનો સારાંશ આ જ હતો. વરસો વીતી ગયાં છે તો પણ હજી તે એવો જ યાદ છે. ભાવિ જીવનની કલ્પનામાં રમતાં રમતાં એક પુનિત પ્રભાતે તે પત્રને મેં ટપાલમાં રવાના કર્યો.

યોગીશ્રી અરવિંદને લખેલા પત્રના પ્રત્યુત્તરની મેં ભારે આતુરતાપૂર્વક પ્રતીક્ષા કરવા માંડી. લાંબા વખત સુધી મારા પત્રનો કોઈ ઉત્તર ન આવ્યો, ત્યારે મેં બીજો પત્ર લખ્યો ને તેના ઉત્તરની રાહ જોઈને કંટાળતાં છેવટે ત્રીજો પત્ર લખ્યો.

ત્રણે પત્રોમાં મેં જવાબ માટેની ટિકીટો પણ બીડેલી. પ્રત્યુત્તરની પ્રતીક્ષામાં લગભગ અઢી મહિના વીતી ગયા. તે પછી એક દિવસ સવારે અરવિંદ આશ્રમમાંથી નીકળેલું એક કવર મારા હાથમાં આવ્યું. કવરને જોઈને મને કેટલો આનંદ થયો હશે તે સહેજે કલ્પી શકાશે. શ્રીઅરવિંદની પાસે રહેવાનો ને તેમના સહકારથી સાધના કરવાનો આનંદ કેવો અજબ હશે! એવા એવા અનેક વિચારોમાં સ્નાન કરતાં કરતાં મેં કવર ખોલી જોયું. અંદર જે પત્ર હતો તે ખૂબ જ ટૂંકો હતો. આટલા લાંબા વખતની પ્રતીક્ષા પછી આવો ઉત્તર? જેની મને આશા પણ ન હતી તે વસ્તુ સામે આવીને ઊભી રહી. પત્રમાં લખ્યું હતું કે, 'તમને જણાવવામાં આવે છે કે તમને આશ્રમમાં સાધક તરીકે રાખવાનું શક્ય નથી.' નીચે આશ્રમના મંત્રી નલિનીકાંત ગુપ્તની સહી હતી.

થોડા દિવસ સુધી મારું મન ઉદાસ રહ્યું. શ્રીઅરવિંદ પોતાની અલૌકિક શક્તિ દ્વારા સાધકોને ઓળખી લે છે



પછી જ અધિકારી સાધકોને પોતાના આશ્રમમાં દાખલ કરે છે એવી વાત મેં સાંભળેલી. મને થયું કે મારા સંસ્કારો કાચા હશે.

મનમાં ઉત્પન્ન થયેલી નિરાશા થોડા જ વખતમાં દૂર થવા માંડી. મેં સમાધાન મેળવ્યું કે ઈશ્વરની ઇચ્છા મને અરવિંદ આશ્રમમાં લઈ જવાની નહીં હોય. તે મારું અમંગલ કદી નહીં કરે. તેની ઇચ્છા હશે ત્યાં જ મારે રહેવાનું થશે. મારા જીવનનો વિકાસ કોઈ અનુકૂળતાને સગવડ ભરેલા મઠ, મંદિર કે આશ્રમમાં નહિ, પણ પ્રતિકૂળતા અને અગવડથી ભરેલા એકાંત જંગલ ને પર્વતીય પ્રદેશમાં જ થાય એમ ઈશ્વરની ઇચ્છા હતી. મારી જીવન સાધનાની સિદ્ધિ પર જાણીતા ને બહુ ગવાયેલા સંતપુરુષ અને એના આશ્રમની મહોર મારવામાં આવે તે ઈશ્વરને પસંદ ન હતું.

મારી સાધનાના ઇતિહાસ સાથે હિમાલયના પવિત્ર ને પ્રખ્યાત નામને સાંકળી લેવાની તેની ઇચ્છા હતી. એ વાતની મને મોડે મોડે ખબર પડી.

અરવિંદ આશ્રમમાં જવાની મંજૂરી ના મળવાથી ભાવિ જીવનને માટે હું જુદા જુદા ને નવા નવા ઘાટ ઘડવા લાગ્યો. મને પ્રકાશ મળે તે માટે ઈશ્વરને પ્રાર્થના પણ કરવા માંડ્યો.

# ભાગવત સુધા

પ્રા. જનાર્દન દવે

नारायणं नमस्कृत्य नरं चैव नरोत्तमम् ।
देवीं सरस्वतीं व्यासं ततो जयमुदीरयेत् ॥

ભાગવત. ૧–૨–૪

આ મંગલાચરણ અત્યંત પ્રસિદ્ધ છે. મહાભારતના દરેક પર્વનો આરંભ આ શ્લોકથી થાય છે. દરેક પુરાણોમાં પણ આવો જ શ્લોક આવે છે. માત્ર કેટલાક પુરાણોમાં અને મહાભારતમાં **देवीं सरस्वतीं वन्दे** શબ્દો આવે છે, **व्यासं** શબ્દ આવતો નથી. પરંતુ આ શ્લોક તો શ્રીમદ્ ભાગવતનો છે.

આ શ્લોકનો સાધારણ અનુવાદ તો આટલો જ થાય કે નારાયણને અને નરશ્રેષ્ઠ નરને નમસ્કાર કરીને અને દેવી સરસ્વતી તથા વ્યાસને પ્રણામ કરીને પછી જયનો વિસ્તાર કરીએ છીએ." પરંતુ આ શ્લોકમાં માત્ર આટલી જ, માત્ર વંદનાની જ વાત નથી. આ શ્લોક તો બતાવે છે કે, 'જય' તરીકે ઓળખાતા શાસ્ત્રોમાં કઈ કઈ વસ્તુઓ, કયાં કયાં તત્ત્વોનું પ્રતિપાદન થાય છે.

સૌથી પ્રથમ તો આપણે 'જય' નામથી ઓળખાતા શાસ્ત્રો એટલે શું એ સમજીએ. જેમાં ભગવાનનો જય ગાવામાં આવ્યો હોય તે જય. અથવા જેમાં વાસનાઓ પર, ઈંદ્રિયો પર, અંતઃકરણ પર, સ્વભાવ પર કેવી રીતે જય મેળવવો એ દર્શાવ્યું હોય તેવાં શાસ્ત્રો 'જય' કહેવાય છે.



શ્રીમદ્ ભાગવતના એકાદશમાં **स्वभाव विजयः शौर्यं** સ્વભાવ પર વિજય મેળવવો તે શૌર્ય કહ્યું છે. શ્રી વલ્લભાચાર્યે 'યમુનાષ્ટક' સ્તોત્રની ફલશ્રુતિ બતાવતાં લખ્યું છે **स्वभाव-विजयो भवेद् वहति वल्लभः श्रीहरेः** "શ્રી હરિનો વલ્લભ જણાવે છે કે આ યમુનાષ્ટકના પાઠ, જપ વડે સ્વભાવ પર વિજય મળે છે.

સ્વભાવને ઘણીવાર પ્રકૃતિ પણ કહે છે પ્રકૃતિ ત્રણ ગુણોની બનેલી હોય છે. પણ દરેક વ્યક્તિની પ્રકૃતિમાં અર્થાત સ્વભાવમાં પણ ત્રણ ગુણોમાંથી એકાદ પ્રધાન હોય છે બાકીના બે ગુણો ગૌણ હોય છે. કોઈ મનુષ્ય સત્ત્વગુણ પ્રધાન, કોઈ રજોગુણ પ્રધાન, કોઈ તમોગુણ પ્રધાન છે.

સ્વભાવ પર વિજય મેળવવો એટલે પ્રકૃતિના ગુણો પર વિજય મેળવવો. સ્વભાવ સત્ત્વગુણ પ્રધાન હોય તે વ્યક્તિ શાંત, સરલ, ભલી, ઉદાર, દયાળુ, કરુણાવાન હોય છે. રજોગુણ પ્રધાન વ્યક્તિ અતિ મહત્ત્વાકાંક્ષી, યશ વિજયની પ્રાપ્તિ માટે દોડધામ કરનારી, અને આસક્તિપૂર્ણ હોય છે. તમોગુણ પ્રધાન વ્યક્તિ આળસુ નિષ્ક્રિય, ક્રૂર, ક્રોધી હોય છે.

પ્રકૃતિના આ ત્રણે ગુણો ઉપર એક સ્થિતિ છે તે ગુણાતીતની. ગુણાતીત બનવું એ મોટી વાત છે ગુણાતીત વ્યક્તિ ત્રણે ગુણોનો સ્વામી છે, દાસ નથી. તે ત્રણે ગુણોના સંપ્રવાહને તટસ્થતાથી જુએ છે.

તેથી ઉપનિષદો, ગીતા, ભાગવત બધા ગુણાતીત બનવાનું, સ્વભાવ પર વાસના પર વિજય મેળવવાનું જણાવે છે. વેદસ્તુતિમાં ભગવાને **जय जय जहि अजां अजित** 'અજિત"

કહીને તમે ‘અજા’ માયાને હે પ્રભુ જીતી લીધી છે માટે અમે વેદો તમારો જય જયકાર કરીએ છીએ. તેમ કહ્યું છે.

જે માયાને, પ્રકૃતિને, વાસનાઓને જીતે તેનું વેદો પણ જયગાન કરે છે. મહાભારત, રામાયણ, પુરાણો આ સૌ આપણને આ બધા પર શી રીતે વિજય મેળવવો તે બતાવે છે, તેથી આવા શાસ્ત્રો જય નામથી ઓળખાય છે.

આવા જય શાસ્ત્રોમાં (૧) નારાયણ તત્વનું પ્રતિપાદન હોય છે. નારાયણનાં સગુણ સ્વરૂપની ભક્તિ અને ધ્યાન માટેનાં હૃદયંગમ શ્લોકો ભાગવતાદિ શાસ્ત્રો આપે છે સગુણની ભક્તિ સાથે નારાયણ-તત્ત્વ શું છે, તે પણ આ શાસ્ત્રો સમજાવે છે. નારાયણનો મહિમા ટૂંકમાં જય શાસ્ત્રો વર્ણવે છે માટે પ્રથમ કહ્યું **नारायणं नमस्कृत्य**.

(૨) હવે આ નારાયણને બધા નરો-મનુષ્યો વશ કરી લેતા નથી. નારાયણને વશ કર્યા અર્જુને–ભગવાન અર્જુનના પ્રેમ અને વિશ્વાસને કારણે તેના સારથી બન્યા. નારાયણે પ્રતિજ્ઞા જતી કરીને રથનું પૈડું પણ ભીષ્મને મારવા ઉઠાવ્યું. અર્જુન નરોત્તમ છે માત્ર નર નથી. માત્ર અર્જુન જ નહિ તેમની જેવા ધ્રુવ, પ્રહ્લાદ, અંબરીષ, ગોપીજનો, ઉદ્ધવ, આ બધા નર નથી પણ નરોત્તમ છે. એટલે ભાગવત જેવા શાસ્ત્રોમાં આવા “**नरोत्तम नरं**”નાં પ્રેરક પ્રસંગો જીવનચરિત્રો પણ વર્ણવ્યાં છે. ભગવાનને વશ કરી જાણે તે ભાગવત આ બધા પરમ ભાગવતો છે, પરમહંસો છે. આવા ભાગવત સંત, પરમહંસ અથવા નરોત્તમ શી રીતે બની શકાય, તે પણ ભાગવત શાસ્ત્ર બતાવે છે. માટે મંગલાચરણના શ્લોકમાં **नारायणं नमस्कृत्य** કહીને **नरं चैव नरोत्तमम्** બોલ્યા છે.



(૩) પરંતુ નારાયણ તત્ત્વ કે નરોત્તમ નરને વર્ણવવા માટે સમર્થ વાણી જોઈએ. સામાન્ય માણસો તો અર્થ વિચારીને વાણી બોલે પણ વાલ્મીકિ, વ્યાસ, સૂર, તુલસી, કાલિદાસ જેવા બોલે ત્યારે તેમની વાણી પાછળ અર્થને તો દોડવું પડે છે. એટલે સરસ ઉત્તમ કવિતા વિના ઉપરની બે વાત નારાયણ અને નરનું પ્રતિપાદન સક્ષમ ન નીવડે. ભાગવત, રામાયણ, પુરાણોમાં શ્રેષ્ઠ કવિતા પણ છે. માટે બોલ્યા છે **देवीं सरस्वतीं** આ કવિતા દુબળી નથી, દુબળા બનાવવા માટે નથી, પણ ઈશ્વર બનાવવા માટે છે. જીવન દિવ્ય બનાવવા માટે છે, તેથી **देवीम्** શબ્દ આગળ મૂકયો.

(૪) ઉત્તમ કવિતા સાથે **व्यास** પણ જોઈએ. વ્યાસ એટલે સમાસ અને વ્યાસનું પ્રમાણ ભાવ, વિવેક. ભારવિ, માઘ જેવા કવિઓ વર્ણન કરવા લાગે તો પ્રમાણ ભાન ભૂલી જાય છે. વ્યાસ તો વિવેક છે. વ્યાસ દ્વૈપાયન છે. દ્વીપ પર તેમનો નિવાસ છે. દ્વીપ પર બેઠેલી વ્યક્તિ બન્ને બાજુ વહેતા પ્રવાહને પોતે અસંગ, તટસ્થ રહીને જોઈ શકે, તે પ્રવાહ પતિત થતો નથી. જન્મ-મરણ, લાભ હાનિ, યશ-અપયશ, હર્ષ-શોક આદિ દ્વંદ્વોને, બે પ્રવાહોને અસંગ રહીને જોઈ શકે વર્ણવી શકે તે વ્યાસ. વ્યાસ એટલે સાહિત્યની “આર્ટ ઓફ ઓમીશન અને કમીશન” તો ભાગવતમાં આ વ્યાસ તત્ત્વ પણ છે, વિવેક છે, પ્રમાણ ભાવ છે, તાટસ્થ્ય વૃત્તિ છે, અસંગભાવ છે, માટે બોલ્યા છે **देवीं सरस्वतीं व्यासम्** અને આ ચારે જેમાં હોય તેવા જય ને હવે વર્ણવીશું એમ કહ્યું છે.

# રસખાનની કૃષ્ણભક્તિ

પ્રા. શશીકાન્ત કૉન્ટ્રાક્ટર

ભક્તિયુગને હિંદી સાહિત્યનો સુવર્ણયુગ કહેવામાં આવે છે. એનું કારણ બતાવતાં ડૉ. શ્યામસુન્દરદાસ લખે છે, " જે યુગમાં કબીર, જાયસી, તુલસી, સૂર જેવા રસસિદ્ધ મહાત્માઓની દિવ્ય વાણી એમના અંતઃકરણમાંથી નીકળી દેશના ખૂણેખૂણામાં ફેલાઈ ગઈ હતી, એને સાહિત્યના ઈતિહાસમાં સામાન્યરીતે ભક્તિયુગ કહેવામાં આવે છે. ખરેખર એ હિંદી-સાહિત્યનો સુવર્ણયુગ છે. " ભક્તિકાલના આ રત્નોનું સ્થાન ફક્ત હિંદી સાહિત્યમાં જ નહિ, પરંતુ વિશ્વસાહિત્યમાં પણ છે.

ભક્તકવિ રસખાન પણ આ જ યુગમાં અવતરિત થયેલા મહાપુરુષ છે. એમની લાક્ષણિકતા એ છે કે જો કહેવામાં નહિ આવે કે રસખાન મુસલમાન હતા તો એમના સવૈયાઓ જોતાં, એમના કાવ્યનો રસાસ્વાદ લેતાં, વિશ્વાસ નહિ આવે કે તેઓ હિંદુ ન હતા. આમ તો અનેક મુસલમાનો હિંદુ-દેવતાઓના ભક્ત થઈ ગયા છે પરંતુ જે મુસલમાનીપણાનો ત્યાગ રસખાને કર્યો છે, એ પ્રકારનો ત્યાગ બીજો કોઈ મુસલમાન કરી શક્યો નથી. રસખાન એકમાત્ર એવા ભક્ત છે જે હિંદુભક્તથી જરાયે ઊતરતા નથી. પ્રસ્તુત લેખમાં એમના ભક્ત તરીકેના પાસાને ઉપસાવવાનો નમ્ર પ્રયત્ન આદર્યું તો એ યોગ્ય જ લેખાશે.

રસખાન ગોચારક ગોપીવલ્લભ ભગવાન શ્રીકૃષ્ણના અનન્ય ભક્ત હતા. ભક્ત પોતાના ઈષ્ટદેવ પ્રત્યે ભિન્ન ભિન્ન પ્રકારના ભાવો રાખે છે. કોઈ ભક્ત ભગવાનને સખારૂપે માને છે.



દા. ત. સૂરદાસજીની ભક્તિ સખ્યભાવની છે. તો કોઈ ભક્ત ભગવાનને સ્વામી રૂપે માને છે અને પોતાને દાસ ગણે છે. દા. ત. તુલસીદાસજીની ભક્તિ દાસ્ય અથવા સેવક સેવ્યભાવની છે. રસખાનની ભક્તિ દાસ્યભાવની છે. એઓ પોતાને શ્રી-કૃષ્ણના દાસ માનતા હતા.

શ્રીમદ્ ભાગવત પ્રમાણે ભક્તિ નવ પ્રકારની છે જેને ' નવધા ભક્તિ ' ને નામે ઓળખવામાં આવે છેઃ—શ્રવણ, કીર્તન, સ્મરણ, પાદસેવન, અર્ચન, વંદન, દાસ્ય, સખ્ય તથા આત્મનિવેદન. આના પર દૃષ્ટિપાત કરીએ તો રસખાનની પ્રવૃત્તિ આત્મસમર્પણ તરફ વિશેષ દેખાય છે. એમણે પોતાનું હૈયું શ્રીકૃષ્ણને સમર્પિત કરી દીધું હતું. એઓ સંસારિક ઐશ્વર્યને તુચ્છ સમજતા. યોગ, તપ, તીર્થયાત્રા, વ્રતને પ્રેમની આગળ તુચ્છ સમજતા. એમણે એમના નિમ્નલિખિત પદ્યમાં કૃષ્ણપ્રેમની શ્રેષ્ઠતા બતાવી છે.

( ૧ )

" કહા રસખાનિ સુખ સંપત્તિ સુમાર કહા,
 કહા તન જોગી હ્વૈ લગાયે અંગ છારકો.
કહા સાધે પંચાનલ કહા સોયે બીચ નલ,
 કહા જીત લાયે રાજ, સિંધુ આરપારકો.
જપ બાર બાર તપ સંજમ બયાર વ્રત,
 તીરથ હજાર અરે બૂઝત લબારકો.
કીન્હોં નહીં પ્યાર, નહીં સેયો દરબાર, ચિત્ત–
 ચાહ્યો ન નિહારયો જો પૈ નંદ કે કુમારકો."

**અનુવાદ**– રસખાનના મન્તવ્ય પ્રમાણે, નન્દના કુમાર

કૃષ્ણને પ્રેમ ન કીધો હોય, એને નિહાળીને દત્તચિત્ત બનીને ચાહ્યો ન હોય, એનો દરબાર સેવ્યો ન હોય, તો પછી સુખસમ્પત્તિની ગણના, યોગીનું શરીરે ખાખ ચોળવું, પાંચે પ્રકારના અગ્નિનું સેવન કરવું કે ઝરણાના જળપ્રવાહ વચ્ચે તપ માટે સૂવું, સમુદ્રપારનું રાજ્ય જીતી લાવવું, વારંવાર તપ, સંયમ અને વાયુવ્રતનું આચરણ કરવું અને હજારવાર તીર્થાટન કરવું—આ સઘળું માત્ર લબાડવેડા જ છે નિરર્થક જલ્પન સમાન છે.

રસખાન કહે છે આપણાં તમામ કાર્યો ભગવાન શ્રીકૃષ્ણની સાથે જ જોડાયેલાં હોવાં જોઈએ. કેટલો સુંદર ભાવ નીચેના સવૈયામાં છે:—

( ૨ )

"બૈન વહી ઉનકો ગુન ગાઈ,ઔ કાન વહી ઉન બૈન સોં સાની.
હાથ વહી ઉન ગાત સરૈ, અરુ પાય વહી જુ વહી અનુજાની.
જાન વહી ઉન પ્રાન કે સંગ, ઔ માન વહી જુ કરૈં મનમાની.
ત્યોં 'રસખાનિ' વહી રસખાનિ જુ, હૈ રસખાનિ વહૈ રસાખની."

**અનુવાદ**-કૃષ્ણના ગુણ ગાનારી વાણી જ સાચી વાણી છે, એના વચનમાં ઓતપ્રોત થનારા કાન જ સાચા કાન છે, એના શરીર પર સેવા માટે સરનારા હાથ જ સાચા હાથ છે, એનું અનુગમન કરનારા પગ જ સાચા પગ છે, એનું રક્ષણ પામેલો જીવાત્મા જ સાચો જીવાત્મા છે, એની પ્રેરણાથી પ્રાપ્ત માન જ સાચું માન છે, એ જ રીતે રસની ખાણ જેવા કૃષ્ણના રસતત્ત્વનું વહન કરનારો રસખાન જ સાચો રસખાન છે.



રસખાનની શ્રીકૃષ્ણમાં અખંડ શ્રદ્ધાભક્તિ હતી તેથી તો એ કહે છે, "જ્યારે માખણ ચાખવાવાળો રખવાળો છે પછી ચિંતા શાની?

( ૩ )

"દ્રૌપદી ઔ ગનિકા ગજ ગીધ, અજામિલ સો કિયો સો ન નિહારો
ગૌત્તમ ગેહની કૈસી તરી, પ્રહલાદકો કૈસે હરયો દુઃખ ભારો.
કાહે કો સોચ કરૈ 'રસખાનિ' કહા કરિ હૈ રવિનંદ બિચારો,
કૌન સી સંકપરી હૈ જુ માખન ચાખનહારો સો રાખનહારો."

**અનુવાદ**-દ્રૌપદી, ગણિકા, ગજ, ગીધ અજામિલ આદિના ભગવાન દ્વારા થયેલા ઉદ્ધાર, ગૌત્તમ-પત્નીનું તારણ, પ્રહલાદના દુઃખભારનું હરણ આ બધું ન જોઈને, અન્યથા વિચારવું રસખાનને મન વ્યર્થ છે. શનિ પણ વિઘ્નકર્તા ન બની શકે એવી નિઃશંક વાત છે, કે માખણ ચાખનાર કૃષ્ણ જ સૃષ્ટિનું રક્ષણ કરનારા છે.

ભક્તો ભગવાનની પાસે ભક્તિના બદલામાં કાંઈક માંગે છે: કેટલાક ભક્તો મુક્તિની કામના કરે છે, તો કેટલાક કામના કરતા નથી. મોટાભાગના ભક્તો મુક્તિને લાભકારક ગણતા નથી. કારણ કે મુક્તિને પરિણામે ઈશ્વરમાં એકાકારિતા થઈ જવાને લીધે ભક્તિજન્ય જે અપૂર્વ આનંદ ઉપલબ્ધ થાય છે તેનાથી વંચિત રહી જવાય છે. ભક્ત તો ઇચ્છે છે કે જન્મ જન્માંતર સુધી પ્રભુચરણોમાં જ પ્રીતિ રહે. ભક્તિ કવિ રસખાન પણ મુક્તિની કામના નથી કરતા. કેવળ અંતઃકરણમાં શ્રદ્ધા રાખી માનસિક ઉપાસના કરવામાં પણ નથી માનતા, પરંતુ એઓ એક સાચા પ્રેમીની જેમ હમેશાં જન્મ-જન્માંતર સુધી પ્રિયની સાથે જ રહેવામાં માને છે. નિમ્ન-

લિખિત સવૈયામાં રસખાનની કમનીય કામનાનું દર્શન થાય છે.

( ૪ )

"માનુષ હૌં તો વહી 'રસખાનિ' બસૌં બ્રજ ગોકુલ ગાંવ કે ગ્વારન,
જો પશુ હૌં તો કહા બસ મેરો ચરૌં નિત નંદકી ધેનુ મંઝારન.
પાહન હૌં તો વહી ગિરિ કૌ જો ધરયો કર છત્ર પુરન્દર ધારન,
જો ખગ હૌં તો બસેરો કરૌં નિત કાલિંદી કૂલ કદમ્બ કી ડારન".

**અનુવાદ**-રસખાન કહે છે કે જો મારે મનુષ્યદેહ ધારણ કરવાનો હોય તો હું ગોકુળ ગામનો ગોવાળિયો થઈને વ્રજમાં જ વસું, જો મારે પશુ થવાનું હોય તો હમેશાં હું નન્દરાજાની ગાયો વચ્ચે વસીને ચરતો રહું, પથ્થર થવાનું હોય તો ઈન્દ્રના વિરોધમાં કૃષ્ણ દ્વારા છત્રની જેમ હાથમાં ધારણ કરાયેલા પર્વત પરનો જ પથ્થર થાઉં અને જો મારે પક્ષી બનવાનું હોય તો કાલિન્દી નદીને કિનારે કદમ્બવૃક્ષની ડાળપર જ હું કાયમી વસવાટ કરું.

અર્થાત્ 'જો હું બીજા જન્મમાં કદાચ મનુષ્ય બનું તો ગોકુળનો ગોવાળિયો થઈ વ્રજભૂમિમાં રહેવા ઇચ્છું, જો કદાચ હું પશુ બનુ તો હમેશાં નંદકુમાર શ્રીકૃષ્ણની ગાયોની વચ્ચે જ નિવાસ કરું, જો હું પત્થર બનું તો એ જ પર્વતનો કે જેને ઈન્દ્રના ગર્વને દૂર કરવા ભગવાને ધારણ કર્યો હતો. અને જો કદાચ પક્ષી બનું તો કાલિંદીના તટ પર આવેલ કદંબના વૃક્ષની ડાળ પર નિવાસ કરવા માંગુ છું.'

ભક્તકવિઓ પોતાના ઈષ્ટદેવના નામ, રૂપ, લીલા, ધામનું વર્ણન કરે છે. તુલસીદાસજીએ રામના નામને રામ કરતાં પણ ચડિયાતું બતાવ્યું છે. દરેક ભક્ત નામનો મહિમા



વર્ણવે છે. રસખાને નામનો મહિમા બતાવ્યો નથી. એઓ તો પ્રેમ માર્ગના પથિક હતા. એમણે શ્રીકૃષ્ણના રૂપનું વર્ણન કર્યું છે. નીચેના સવૈયામાં શ્રીકૃષ્ણનું રૂપ વર્ણન ખરેખર અનુપમ છે:—

( ૫ )

"કલકાનન કુંડલ મોરપખા ઉર પૈ બનમાલ બિરાજતિ હૈ,
મુરલી કર મેં અધરા મુસકાનિ તરંગ મહાછવિ છાજતિ હૈ.
'રસખાનિ' લખે તન પીતપટાસત દામિનિ કી દુતિ લાજતિ હૈ,
વહ બાંસુરીકી ધુનિ કાન પરે કુલકાનિ હિયો તજી ભાજતિ હૈ.
લાલ ગુલાલ લગાઈ લગાઈ કૈ અંગ, રિઝાઈ બિદા કરિ દીની."

**અનુવાદ**-કુન્ડલ અને મોરપિચ્છથી શોભતા સુન્દર ઉર પર વિરાજતી વનમાળા, હાથમાં મોરલી, હોઠોપર સ્મિતના તરંગો સાથેની કૃષ્ણની અતિ સુન્દર આકૃતિ શોભે છે. પીળા રંગના વસ્ત્રથી આવૃત્ત જેના શરીરની ચમક પાસે વિજળીની ચમક પણ ખરેખર લજવાય છે એવા કૃષ્ણની વાંસળીનો ધ્વનિ કાને પડતાં જ, રસખાન કહે છે, મારા હૃદયની ચેતના ભાગીને ત્યાં જ, કૃષ્ણમાં જ કેન્દ્રીભૂત બની જાય છે.

રસખાને કૃષ્ણની લીલાઓનું વર્ણન કર્યું છે. ભક્તકવિ સૂરદાસે જે તન્મયતાથી કૃષ્ણની બાળલીલાઓનું વર્ણન કર્યું તેટલી તન્મયતાથી યૌવન લીલાઓનું વર્ણન નથી કર્યું. રસખાને કૃષ્ણની યૌવનલીલાઓનું સવિસ્તાર વર્ણન કર્યું છે. બાળલીલા માટે માત્ર બે જ સવૈયા રચ્યા છે. નીચેના પદ્યમાં બાળકૃષ્ણનું ઘણું જ સાકાર ને સજીવ વર્ણન કર્યું છે.

(૬)

"ધૂર ભરે અતિ સોભિત સ્યામ જૂ તૈસી બની સિર સુન્દર ચોટી,
ખેલત ખાત ફિરૈં અંગના પગ પૈંજનિયાં કટિ પીરી કછોટી,
વા છબિકો 'રસખાનિ' બિલોકત વારત કામ કલા નિજ કોટી,
કાગકે ભાગ બડે સજનિ હરિહાથ સૌં લૈ ગયો માખન રોટી."

**અનુવાદ:** સુન્દર કેશ–વિન્યાસવાળા પગમાં નુપૂર અને કેડે પીળા કછોટાવાળા; આંગણામાં રમતા-જમતા-ફરતા ધૂળમાં રગદોળાયેલા શિશુ કૃષ્ણ અતિ શોભાયમાન છે. રસખાન કહે છે, હે સજની, કૃષ્ણની આ છબિ વિલોકીને ખુદ કામદેવ પણ પોતાની કોટી-કોટી કલા એના પર ન્યોચ્છાવર કરી દે છે. એવા હરિના હાથમાંથી માખણ-રોટલી લઈ જનારો કાગડો પણ બડભાગી છે.

યૌવનલીલાનું એક ઉદાહરણ લઈએ. ગોપીકાઓ દહીં વેચવા જાય છે તે વખતે કાન્હો દાણ માંગે છેઃ-

(૭)

"આજ મહૂં દધિબેચન જાત હી, મોહન રોક લિયો મગ આયો,
માંગત દાન મૈં આન લિયો, સુકિયો નિલજી રસ જોબન ખાયો;
કાહ કહૂં સિગરીરી બિથા, 'રસખાનિ' લિયો હંસીકે મુસકાયો,
પાલે પરી મૈં અકેલી લલી, લલા લાજલિયો સુ કિયો મન ભાયો"

**અનુવાદ**:-આજે દૂધ-દહીં વેચવા જતી વેળાએ રસ્તામાં આવીને મોહને મને રોકી લીધી. દાણ માગતા એણે મને આલિંગનમાં લીધી અને એ નિર્લજ્જે યૌવન–રસનો લ્હાવો લીધો. હું એકલી અટૂલી છોકરી જ એને પનારે પડી એણે મનમાની કરીને મારી લાજ લીધી. મારી આ સઘળી



વ્યથા હું કોને કહું? રસખાન આ વાત પ્રસન્નતાપૂર્વક સાંભળીને સ્મિત કરે છે.

રસખાને હોલી ખેલવાનું વર્ણન ઘણા પદ્યોમાં કર્યું છે. આને પણ કૃષ્ણની યૌવનલીલામાં ગણાવી શકાય. નીચેના પદ્યમાં સંયોગ શૃંગારનું માદક વર્ણન જોવા મળે છે.

(૮)

"આવત લાલ ગુલાલ લિયે, મગ સૂને મિલી ઈક નારિ નવીની,
ત્યોં 'રસખાનિ' લગાઈ હિયે, ભટૂ મોજ કિયો મન માહિં અધીની;
સારી ફટી સુકુમારી હટી, અંગિયા દરકી સરકી રંગભીની,

**અનુવાદ**:–રસખાન કહે છે; ગુલાલ લઈને આવતા કૃષ્ણને નિર્જન રસ્તે એક નવયૌવના મળી. એને હૈયાસરસી ચાંપીને એ રસિકે મનમાની મોજ કરી. સાડી ફાટતાં એ સુકુમારીએ દૂર હટવાનો પ્રયાસ કર્યો, એની કંચુકી ચિરાઈને સરકી ગઈ. એના અંગે અંગ પર ગુલાલ લગાવી; એને રંગભીની કરી, રીઝવીને કૃષ્ણે એને વિદાય આપી.

શ્રીકૃષ્ણની લીલાભૂમિ ગોકુળ, યમુનાતટ, વન, પર્વત તથા કુંજો પ્રત્યે રસખાનને અનહદ પ્રેમ હતો તેથી તો 'કરીલ'ની કુંજો પર કરોડો સોનાચાંદીના મહેલો ન્યોછાવર કરવા તૈયાર થઈ ગયા.

(૯)

"રસખાનિ કબૌં ઇન આંખિન સોં બ્રજ કે બન બાગ તડાગ નિહારૌ
કોટિક હું કલધૌત કે ધામ કરીલકો કુંજનિ ઊપર વારૌં."

**અનુવાદ**:-રસખાન કહે છે, વ્રજના વન, બગીચા અને તળાવ તેમ જ કરોડો સુવર્ણ ધામ તેના પર ઓળ–

ઘોળ કરી દઉં એવી કેરડાની કુન્જ આ આંખોથી નિહાળ-વાનો અવસર ક્યારે મળશે ?

ભકતને ભગવાનના અવતારમાં વિશ્વાસ હોય છે. રસખાન ભકત સૂરદાસજીની જેમ શ્રીકૃષ્ણને વિષ્ણુના અવતાર માને છે, વળી એમને (કૃષ્ણને) બ્રહ્મા અને શંકરથી શ્રેષ્ઠ બતાવે છે. પરંતુ વિષ્ણુથી શ્રેષ્ઠ છે એવું ક્યાંયે નથી કહ્યું. વળી એઓ માને છે કે બ્રહ્મ જે નિર્ગુણ નિરાકાર છે તે જ ભકતોના કલ્યાણ કાજે સગુણરૂપ ધારણ કરે છે. ભગવાન ભક્તવત્સલ છે, પ્રેમને વશ છે; તેથી તો શેષનાગ, ગણેશ, મહેશ, દિનેશ, સુરેશ જેનું નિરંતર ગાન કરે છે. જેને વેદો અનંત, અખંડ, અછેદ તથા અભેદ કહે છે, નારદ અને શુકદેવ સતત ભજવા છતાં જેનો પાર પામી શકતા નથી એવા પરબ્રહ્મ પરમાત્મા શ્રીકૃષ્ણને ગોવાળની છોકરી એક દોણી છાશ માટે નાચ નચાવે છે. રસખાનના શબ્દોમાં:-

(૧૦)

"સેસ ગનેસ મહેસ દિનેસ સુરેસહુ જાહિ નિરંતર ગાવૈં,
જાહિ અનાદિ અનંત અખંડ અછેદ અભેદ સુબેદ બતાવૈં;
નારદસે સુક વ્યાસ રટૈં, પચિ હારે તઊ પુનિ પાર ન પાવૈં,
તાહિ અહીરકી છોહરિયાં છછિયા ભરિ છાછ પૈ નાચ નચાવૈં."

**અનુવાદ**-શેષનાગ, ગણપતિ, શંકર, સૂર્ય અને ઈન્દ્ર જેનું નિરન્તર ગુણગાન કરે છે, વેદ જેને અનાદિ, અનન્ત, અખન્ડ અને છેદી-ભેદી ન શકાય એવા કહે છે, નારદ દ્વારા જેનું રટન પ્રાપ્ત કરીને એને આત્મસાત્ કરવાના પ્રયાસમાં શુક અને વ્યાસ નિષ્ફળ રહે છે અને વારંવારના પ્રયાસ છતાં જેનો પાર પમાતો નથી એવા કૃષ્ણને આહીરની છોક-રીઓ છાલિયું છાસની લાલચે નચાવે છે.



ટૂંકમાં રસખાનની ભકિતને પ્રેમલક્ષણા ભકિત કહી શકાય. નારદજીએ 'નારદભકિત સૂત્ર'માં ભકિતની વ્યાખ્યા આપતા કહ્યું છે, "**सा तु अस्मिन् परमप्रेमरूपा अमृतस्वरूपा च।**" અર્થાત્ ભકિત પરમપ્રેમ સ્વરૂપ તથા અમૃતસ્વરૂપ છે. રસખાન-ની ભકિત વિષે આ સૂત્ર બંધ બેસતું છે, એમાં શંકાને સ્થાન નથી. ભકતોની નામાવલિમાં રસખાનનું સ્થાન ગૌરવવંતુ છે. આવા મહાન કૃષ્ણભકત કવિ રસખાનને આપણા શત શત વંદન હો.

—o—

## થોડી સ્પષ્ટતા

માર્ચ, ૮૧ના અંકમાં સંતશ્રી આશારામજીનો 'રામ-નામનો મહિમા'-નામનો લેખ પાના ૧૦ થી ૧૨ ઉપર છાપવામાં આવ્યો છે. તેમાં પાના ૧૧ ઉપર ચોથા અને પાંચમા પેરેગ્રાફમાં એક નાની શી ક્ષતિ લખાણમાં રહી જવા પામી છે, તે પ્રત્યે આશ્રમના ભાઈ શ્રી કરસનભાઈ પટેલે ધ્યાન ખેંચ્યું છે તે બદલ આભાર.

"રામનામ રટવા છતાં તેનો લાભ થતો નથી" ના બદલે "પુરેપૂરો લાભ થતો નથી;" વળી "રામનું સ્વરૂપ સમજ્યા વગર એમનું સ્મરણ કરીએ છીએ ત્યાં સુધી લાભ નહિ થાય" ને બદલે "પૂરેપૂરો લાભ નહિ થાય" એમ વાંચવાથી થયેલી ક્ષતિ દૂર થાય છે.

તંત્રી.

## જ્યાં લગી આત્મા અંગમાં છે

જ્યાં લગી આત્મા અંગમાં છે,
ત્યાં લગી હરિ હરિ તું કે'....
હાલતાં હરિ ને ચાલતાં હરિ
ને બેસતાં હરિ તું કે'
સૂતા પહેલાં જે સ્મરણ કરે રામ,
તેની બોલો જય જય...જ્યાં લગી.

લીધા રે સરખું નામ હરિનું
લઈ શકે તો લે;
દીધા રે સરખું દાન છે અન્નનું
દઈ શકે તો દે...જ્યાં લગી.

આ રે સંસારીઓ સર્વે ખોટાને
સાચી વસ્તુ બે;
એક તો પુણ્ય, બીજું હરિ ભજન ભાઈ
જીવડા સમજી લે...જ્યાં લગી.

એક દિન આંગણે દીવા વિવાહને,
વળી ઢોલ શરણાઈ વાગે,
કહે જીવણ એવો એક દિન આવશે,
સ્મશાને ધગશે રે...જ્યાં લગી.

—ભક્ત જીવણ



## ગુરુદેવ છે મારા મહાત્યાગી

ગુરુદેવ છે મારા મહાત્યાગી
જેનાં નામની ધૂન મને લાગી,
સદાચારી જીવનને વીતરાગી
એતો અંતરતમના અનુરાગી...ગુરુદેવ.
કદિ વાદવિવાદમાં ના પડતા
સદા ધ્યાન ધણીનું તે ધરતાં,
જેનું જીવન સત્યપરાયણ છે
એ નર નથી નારાયણ છે....ગુરુદેવ.
ના કટુતા કુથલી વાણી મહીં
વળી કામ ને ક્રોધ જરાય નહીં,
એવી નિર્મળ એમની વાણી છે
પ્રભુ પ્રેમની એ સરવાણી છે....ગુરુદેવ.
જેનાં નયનો નેહથી નીતરતાં
અધ્યાત્મની આભાથી ઝરતાં,
સદા પતિતને પાવન કરતાં
પામી દર્શન ધન્ય સહુ બનતાં....ગુરુદેવ.
જેને સુણતાં આતમ જ્ઞાન મળે
નવજીવન દિશા સુઝ જડે,
અહીં નિશદિન સાધક ધ્યાન ધરે
તો જનમમરણનાં ફેરા ટળે....ગુરુદેવ.
સદ્ગુરુની કરુણા જ્યાં વરસે
સદા શાંતિનો સાગર ત્યાં છલકે,
નિજાનંદ અતિ ઉરમાં મલકે
કિરતાર પછી સન્મુખ દરસે....ગુરુદેવ.

—રાજેશ કાપડિયા

# સંતસમાગમ

સર્વેશ્વરી

પૂ.શ્રી યોગેશ્વરજી જાહેર મુલાકાતનો સમય થયો હોવાથી પોતાના ઓરડામાંથી બહાર આવી રહ્યા છે. ઠંડીનો ચમકારો હોવાથી મુલાકાતીઓ સાથે બહાર મેદાનમાં સૂર્યનારાયણ સામે બેસવાનું પસંદ કરે છે.

બહાર પાથરણાં, ખુરશીઓ મુકાઇ જાય છે. જેથી પૂ.શ્રી બહાર ખુરશી ઉપર આવીને બેઠા છે. સૌ વંદન કરીને પોતાની બેઠક લે છે.

દરરોજની જેમ પૂ. શ્રીએ કહ્યું કે કોઇને કાંઈ પૂછવું હોય તો પૂછો. એટલે તરત જ પ્રશ્નોત્તરીનો કાર્યક્રમ શરૂ થાય છે.

**પ્રશ્ન**:-કોઇના વતી સંતદર્શન કે મંદિરના દર્શન વંદન થાય ?

**પૂ. શ્રી**:–દેવમંદિર કે સંતના દર્શન કોઈના વતી કરાય તે શિષ્ટાચારની વિરુદ્ધ છે. તેઓને સ્પષ્ટ કહી દેવું કે તમારે દર્શન કરવા હોય તો તમે જ જાઓ. દરેકે પોતે જ સત્કર્મ કરવાનું છે. તેનું ફળ તેને જ મળે છે. કેટલીક વાતો એવી છે જેમાં વતી ના ચાલે. જેમકે ફોજદારી કેસોમાં આપણા-વતી કોઈ હાજર રહે તે ના ચાલે. ભોજનની બાબતમાં પણ વતી ના ચાલે. જે જીવ ઈચ્છે કે મારું નામ ભગવાનને ત્યાં પહોંચે તો તેણે જ દર્શન વંદન માટે જવું જરૂરી છે. ઘણી-વાર તે જીવને પોતાને રસ નથી હોતો એટલે તે એવું કામ સોંપતો જણાય છે.



**પ્રશ્ન**:–આત્મા સર્વત્ર વ્યાપક છે છતાં સૌને એનો અનુભવ એક સરખો કેમ થતો નથી ?

**પૂ. શ્રી**:–સૂર્ય સર્વત્ર વ્યાપક છે છતાં ઘણાંને ઘુવડ જેવાને દેખાતો નથી. જેનામાં અવિદ્યારૂપી આવરણ હોય છે તેને આત્માનો પ્રકાશ દેખાતો નથી. શમ-દમ–સાધનથી, પ્રભુકૃપાથી, સદ્ગુરુના ઉપદેશથી અવિદ્યાનો જે પડદો છે તે હટે ત્યારે આત્મદર્શન કરી શકાય છે. પૂર્ણપણે પડદો હટયો હોય તેને આત્મદર્શનનો સતત અનુભવ થયા કરે છે. સામાન્ય રીતે બહુ જન્મોને અંતે પડદો હટે. એવા હજારો જીવો છે જેમને શાસ્ત્રો કે સત્સંગમાં રસ નથી. ખાવું, પીવું ને મોજશોખ કરવો એમાં જ રસ હોય છે. એમાંથી વળી કોઈને થપ્પડ વાગી જાય તો જાગી જાય. જાગે પછી સંતનું શરણું લે, પ્રભુનો માર્ગ લે, ને વળી શરીર પડે તો તે બીજા જન્મે ફરી પ્રયાસ કરે. વૈરાગ્યમંદ હોય છે. એટલે ઘણા જન્મે પૂર્ણપણે પડદો હઠે છે. કોઈક જન્મ એવો આવે છે. જ્યારે તે નાનપણથી જ જાગી જાય છે, જેમ કે પ્રહલાદ, ધ્રુવ, મીરાં, શબરી, દયાનંદ વિગેરે એકવાર પડદો હટયો પછી વાંધો નહીં. લોખંડમાંથી સોનું થાય પછી સોનું ગમે ત્યાં રહે તો પણ તેને વાંધો નહીં.

**પ્રશ્ન**—જાણીને અને અજાણતામાં કરેલી ભૂલોના ફળો ભોગવવામાં ફેર પડે ?

**પૂ.શ્રી**—જાણીને કરે તેનો વધારે દોષ લાગે છે. ફળ તો બન્ને પ્રકારની ભૂલોનાં ભોગવવાં પડે છે.

**પ્રશ્ન**—આત્મસાક્ષાત્કાર થાય પછી કર્મો રહે છે ?

**પૂ. શ્રી**—આત્મસાક્ષાત્કાર થયા પછી એ અંગેનાં કાર્યો રહેતા નથી. આત્મસાક્ષાત્કારથી શાંતિ મળી જાય છે. એટલે પોતાની શાંતિ, સુખાકારી, પૂર્ણતા માટે કાર્ય નથી રહેતું પણ બીજાને માટે કાર્ય બાકી રહે છે. ઈશુ, બુદ્ધ કે કૃષ્ણને કોઈ સાધનાત્મક કાર્ય કરવાનું રહેતું ન હતું, પણ લોક-કલ્યાણ માટેનું કાર્ય બાકી રહ્યું એનું કાર્ય એમને માટે બંધનકારક નથી બનતું. એવું સેવા કાર્ય કરવા છતાંપણ એ મુક્ત જ રહે છે.

**પ્રશ્ન**:—મોક્ષના પ્રકારો કેટલા છે ?

પૂ. શ્રીઃ—મોક્ષનો એક જ પ્રકાર છે અને તે મોહમાંથી મુક્તિ મેળવવાનો. સિદ્ધિનો, સ્વર્ગનો મોહ, ને તેમાંથી મુક્તિ એટલે મોક્ષ. એક જ પરમતત્ત્વને જોશો તો કોઈ મોહ નહીં રહે. જ્ઞાનરૂપી સૂર્યથી મોહનો અંધકાર દૂર થાય છે મોહ દૂર થાય છે, એટલે રાગદ્વેષ, કામક્રોધમાંથી મુક્તિ મળે છે.

કેટલાકને પ્રકારો પાડવાનો શોખ હોય છે. વેદાંતીઓએ

મુક્તિના બે પ્રકારો પાડ્યા છે. ૧ જીવનમુક્તિ ૨ વિદેહ-મુક્તિ. વૈષ્ણવોએ ચાર પ્રકારો પાડ્યા છે ૧ સાયુજ્ય ૨ સામિપ્ય ૩ સારૂપ્ય ૪ સાલોક્ય.

ખરી રીતે તો ભક્તને જીવતાં જ બધી મુક્તિ મળે છે ભક્ત સર્વત્ર ભગવાનની સમીપમાં જ રહે છે. ભગવાનની સાથે જ જોડાયેલો રહે છે. ભગવાનના જેવું જ રૂપ ધારણ કરે છે. એમ બધી જ મુક્તિ ભક્તને જીવતાં જ મળી જાય છે.

ભગવાન કેવા હોય છે તે જેવું હોય તો ભક્તને જુઓ.



પવિત્રતા, મધુરતા એ બધા જ ગુણોની દૃષ્ટિએ ભક્તને ભગ-વાનમાં ફેર પડતો નથી. એક જ ભક્તિની કંપની એના બે માલ-ભક્ત અને ભગવાન. બન્ને માલ એક જ કંપનીના.

**પ્રશ્ન**—જનમોજનમ એક જ ગુરુદેવ મેળવવા માટે શું કરવું ?

**પૂ. શ્રી**:—જન્મોજન્મ એક જ ગુરુદેવ મળે એવી જીવન-ભર ભાવના રાખો. પ્રભુને પ્રાર્થના કરો. ગુરુને પણ પ્રાર્થના કરો કે ગુરુદેવ મને છોડશો નહીં.

મેળામાં બાળક માનો હાથ પકડીને ફરે ને ચકડોળ જેવામાં બાળકનો હાથ છૂટી જાય તો મા બાળકને ફરી પકડી લે છે. તેમ હું પણ જો સંસારના મેળામાં માયાના ચકડોને જેવામાં પડી જાઉં તો હે ગુરુદેવ, મને ટપલી મારીને ફરી પકડી લેજો. કૃપા કરીને તમે મને ન છોડતા. એવી પ્રાર્થના તમારા ગુરુદેવને કરો તો બીજે જન્મે પણ તમને તે જ ગુરુ અને પ્રભુની ભક્તિ પણ મળી શકે.

ગુરુદેવની, ભક્તિ ને આત્મજ્ઞાનની પ્રાપ્તિ માટે આપણી જે માંગણી હોય છે તે આપણી સતત પ્રાર્થનાથી ભગવાન મંજુર રાખે છે.

એક જ ગુરુ જન્મોજન્મ આપો એવી પ્રાર્થના કરો એના કરતા હે પ્રભુ મને ગુરુ બનાવો, મારી જાતનો ગુરુ, તો બનાવો જ. બીજાને પણ માર્ગ ધરી શકુ એવો ગુરુ બનાવો; એવી પ્રાર્થના પણ કરી શકાય.

**પ્રશ્ન**:- ગુરુની કૃપા મેળવવા શું કરવું ?

**પૂ. શ્રીઃ**–ગુરુકૃપા મેળવવા અરજી તો કરવી જ પડે, મંત્રજપ વધે એની સાથે આપણામાં પવિત્રતા પણ વધે તો ગુરુની કૃપા થાય ને કૃપાની વર્ષા પણ થાય. ગુરુની કૃપા માટે આપણે પણ થોડી તૈયારી તો કરવી જ પડે. બધો જ આધાર ગુરુ ઉપર ના રાખી શકાય.

સારા માનવ બનો અને સારાં કાર્યો કરો બધા ધર્મોની આ બે જ સાર વાતો છે. એ વાતોને જીવનમાં વણો તો ઈશ્વરની કૃપા વરસવી શરૂ થશે, અને સુખશાંતિ થશે.

સમય ક્યાં પસાર થઈ ગયો તે ખબર પણ ના પડી. સાડાબાર વાગી ગયા. પૂ. શ્રી એ હરિ ૐ કરો એમ કહ્યું એટલે સૌને સમય થઈ ગયો છે એનો ખ્યાલ આવ્યો.

એક નાનકડો સાધક સૌને પ્રસાદ આપી દે છે સૌને વંદન કરીને પૂ. શ્રી પાસેથી વિદાય લે છે.

પૂ. શ્રી યોગેશ્વરજી પણ ધીમા પગલે પોતાના વિશ્રામખંડ તરફ પ્રયાણ કરે છે.



# અમૃતમય સ્પર્શ

ભૂપેન્દ્ર ત્રિવેદી

વિશ્વના પ્રત્યેક કણમાં સ્પર્શ માટેની અત્યંત સૂક્ષ્મ ઝંખનાઓ ઢબૂરાઈને પડેલી હોય છે. એ સૌને એમના સ્પર્શ માટેની યાતનાઓ અને આનંદની કથાઓ પણ છે. આ સમગ્ર વિરાટ વિશ્વના આદિમ તત્વોના અધિનિયમોનું સંચાલન સ્પર્શના અદ્ભુત માધ્યમ દ્વારા થતું રહે છે. પ્રત્યેક જીવ સ્પર્શની પ્યાસથી પિડિત છે. અને એ સૌ સ્પર્શના આ અજ્ઞાત વહેણ તરફ ખેંચાઈ રહ્યાં હોય છે. ચેતનાનો આ એક ઉત્ક્રાંતિપ્રેરક નિયમ છે. આ એક એવું બીજ છે જેના માધ્યમ દ્વારા આખુંય પ્રકૃતિ જગત એના વિસ્તરીકરણ અને ઊર્ધ્વીકરણની યોજના પાર પાડતું રહે છે.

માનવોની તમામ આંતરબાહ્ય યાતનાઓના મૂળમાં હોય છે સ્પર્શ માટેની આદિમ પ્યાસ. એમની કથા, કરની ને રહનીનો સમન્વય સ્પર્શના વિચાર માત્રમાં આવી જાય. આ સ્પર્શનું માધ્યમ આટલું બધું અસરકારક હોવા છતાં માનવી આ માધ્યમને, તેના તત્વજ્ઞાનને પૂર્ણ રીતે સમજી શકયો નથી. અને એને લઈને મોટા ભાગના સ્ત્રી પુરુષો અતૃપ્તિના વાસનામય પ્રદેશ તરફ ભટકતા ફરે છે.

સ્પર્શની મહત્તા ને એની સાર્થકતા એના તત્વને પૂર્ણ રીતે સમજવામાં ને એ રીતે એને અનુભવવામાં રહેલાં છે. જે દિવસે સ્પર્શના આ વિનિમયની ફિલસૂફી ને એની ઉચ્ચ પાવનકારી અનુભૂતિને પીવાની તૃષા માણસમાં જાગશે તે દિવસથી જગત પર શરીરના સ્પર્શની જૂઠી વંચનાથી માનવ-

મુક્ત થઈ જશે. અને પૂર્ણ માનવ તરીકેના પોતાના નિર્ભેળ આનંદનો એ સાચો અધિકારી બનતો થશે. ત્યારે એ આત્માના વિનિમયમાંથી નિષ્પન્ન થતા બ્રહ્માનંદનો સાચો અધિકારી બનશે.

શરીરના વિનિમય માટેની આળપંપાળમાં પળોટાતા માનવીને કદાપિ સ્પર્શના સાચા માધ્યમની અનુભૂતિ થઈ શકે નહિ. વિનિમય વિચાર અને જ્ઞાનનો હોઇ શકે. પ્રેમ અને સહિષ્ણુતાનો હોઈ શકે. આ વિનિમયમાં આત્મભાવ ન હોય તો એ બધું નિરર્થક ને ઉપરછલ્લું રહેવાનું. જે કાર્યમાં આત્મતત્ત્વનો પ્રવેશ હોય છે એવા પ્રત્યેક કાર્યથી માનવીને ઉર્ધ્વીકરણની દિશા અચૂક સાંપડે. પછી સ્થૂળતામાં સરી પડવાની કોઈ ને ખેવના નહિ રહે. જ્યાં આ આત્મતત્ત્વની ગેરહાજરી છે ત્યાં કોઇપણ પ્રકારના સ્પર્શની અનુભૂતિ તદ્દન સ્થૂળ ને નિરર્થક નીવડવાની. એનો આનંદ પણ ક્ષણિક ને સ્થૂળ હશે. માનવીય સ્પર્શ માત્ર આત્માના વિનિમયનું એક સાધન છે. અને વિશ્વચેતનાનાં વહનનું એ એક માત્ર માધ્યમ છે. એ ઉપભોગનું સાધન કદાપિ ન હોઈ શકે.

સ્પર્શનો પ્રત્યેક અનુભવ જૂદો રહેવાનો. કારણ કે સામાન્ય માણસ જે સ્પર્શનો અનુભવ લેતો રહે છે એ ખરેખર સ્પર્શ નથી હોતો. જે સ્પર્શથી પોતાના જ આત્માનું વહેણ વહીને બીજાના આત્માને એની અનુભૂતિ કરાવી જાય ત્યારે જ એનો સાચો આનંદ પ્રગટ થાય. વ્યક્તિનો આત્મા જેટલો શુદ્ધ ને તેજસ્વી એટલું આત્મતત્ત્વ વધુ ને વધુ વહેતું રહેવાનું. આ સિવાયની સ્પર્શ માટેની બધી જ ક્રિયાઓ ને એના પરિણામો અંતે દુઃખજનક નીવડવાના. આપણે આજે તો વિજાતિય વ્યક્તિના સ્પર્શને વિકારનું એક કલુષિત માધ્યમ



બનાવી મૂક્યું છે. આ કલુષિતતા એટલા માટે કહું છું કે એમાં નિષ્પન્ન થતો આનંદ માત્ર શારીરિક હોય છે, નહિ કે આત્મિક. આવા માધ્યમની અસર શરીર ને મનને બહેકાવીને સ્થૂળતામાં રાચવા પૂરતી જ હોય છે. માત્ર આત્મનિષ્ઠ પુરુષો સ્પર્શના આવા માધ્યમથી દૂર રહી શકે છે.

સ્પર્શની અનેક અસરો હોય છે. એકના સ્પર્શથી આપણે વાસનાનાં અગ્નિકુંડમાં દાઝતા લાગીએ તો બીજાના સ્પર્શથી આલમના અલગારી બની નાચી પણ ઊઠીએ. એકના સ્પર્શથી જીવનની આખી ય ઈમારત તૂટી પડતી લાગે તો બીજાના સ્પર્શથી અખિલાઈના અજ્ઞાત પ્રદેશ તરફ પગલાં પણ પડવા આરંભાઈ જાય. માનવી સ્પર્શના ચેતનમય સ્પંદનોથી ચૈત્યપુરુષ પણ થઈ સકે છે.

જૈન શાસ્ત્રમાં તો સ્પર્શથી થતાં કુલ ૯૬ વિકારો ગણાવ્યા છે. સ્પર્શના વિકારી વિચારને વશ થઈ ને હાથી ખાઈમાં પડીને મૃત્યુ પામે છે. એવી પણ એક વાત છે. સ્પર્શના દ્વારા થતાં રાગદ્વેષ ખાઈમાં જ નાંખે કારણ કે એનાથી બંધાતી કર્મબંધનની અનેક બેડીઓ આ ખાઈઓને પાર કરવામાં પણ બાધારૂપ નીવડે છે.

સ્પર્શના અદ્‌ભૂત પ્રદેશ તરફ માનવીય યાત્રાનો આરંભ થાય છે. એની જ માતાના ગર્ભથી, ગર્ભના પીંડનો સ્પર્શ એને બ્રહ્મસમાધિની અવસ્થામાં જ રાખતો હશે ને! ને જ્યારે બ્રહ્માનાળના સ્પર્શથી એ જીવ વિખૂટો પડે છે ત્યારે એક જગત સાથેનું એનું અનુસંધાન તૂટીને આ યાતનામય જગત સાથેનું જોડાણ આરંભાઇ જતું હોય છે. આ અમૃતમાંથી મૃત્યુ અને મૃત્યુમાંથી અમૃત તરફ લઈ જતી પ્રત્યેક જીવની કથાના મૂળમાં છે સ્પર્શની ચમત્કૃતિ ભરેલી કામિયાબી.

આ જગતથી પર એવી એક એન્ટીપ્રોટોન અને પ્રોઝી-દ્રવ્યોથી બનેલી એક બીજી સૃષ્ટિ પણ છે. આ સૃષ્ટિ અવકાશમાં આપણી પૃથ્વીને જરાપણ સ્પર્શ કરતી જાય તો જબરજસ્ત ઉથલપાથલ મચી જાય. વિજ્ઞાનીઓ કહે છે કે એના એક જ સ્પર્શથી વિજળીનો બલ્બ પડે ને એના જેવા ભૂક્કા બોલે એવું આપણી આ પૃથ્વીનું થાય. પણ આ પ્રક્રિયાનો આખો ય દોરીસંચાર એક અદ્ભૂત જાદૂગરના હાથમાં રહ્યો છે.

પદાર્થ જગત તો આખું ય સ્પર્શના અપ્રતિમ માધ્યમ પર નિર્ભર રહેલું છે. સૂર્ય પર તોફાનો હોય છે ત્યારે પૃથ્વીના ચૂંબકીય ક્ષેત્રમાં જબરી ઉથલપાથલ મચી જતી હોય છે. પણ આ મહેંક ભરી પૃથ્વીને વાયુનો પ્રાણસ્પર્શ જીવાડી જાય છે. કેટલાક પદાર્થને તમે માત્ર અગ્નિનો સ્પર્શ આપો તો તે પદાર્થ એની ચૂબંકીય અસર ખોઈ બેસે. આ સૃષ્ટિની ઉત્પત્તિ, સ્થિતિ અને લય એ બધું સ્પર્શના વિસ્મયજનક માધ્યમ વડે કાર્ય કરી રહ્યાં છે. સમસ્ત બ્રહ્માંડ સ્થિતિસ્થાપક છે. એ સતત વિકસતું ને વિકસતું રહે છે. આ બ્રહ્માંડની પ્રત્યેક પ્રક્રિયાને ગુણાતીત પરબ્રહ્મના પરમતત્ત્વનો સ્પર્શ સાંપડેલો છે. એના એક માત્ર સ્પર્શ વડે આ આખું ય વિશ્વ ધબકારા લઈ રહ્યું છે.

માણસના સંસ્કાર સ્પર્શના સસ્કારોને ઘડે છે. સ્પર્શ દ્વારા માણસ વામન બનતો જાય છે તો સ્પર્શ દ્વારા પૂર્ણતાનું પરમપદ પણ મેળવી શકે છે.

ઈશુ ગામ તરફ આવી રહ્યાં છે એ વાતની ખબર મળતાં જ ગામડાંના ગામડાં ખાલી થઈ જતાં ને સૌ સાનભાન



ભૂલીને એમની પાછળ ચાલી નીકળતાં. કેટલાક તો અથડાતા ફૂટાતા એમની વાંહે વાંહે માઈલો સુધી જતાં. ઈશુની અપાર કરુણા એમને ખેંચી જતી.

ગાલીબના સરોવર પાસે ઈશુ આવ્યા ત્યારે એમની પાછળ હજ્જારોનું ટોળું ઘસડાયું. એમાં બહેરા ને મૂંગા, કોઢિયા ને લૂંલા પણ હતા. દમીયલ ને મલિન પણ આ સૌ એમની પવિત્ર વાણી સાંભળવા તલસતા. ભીડમાં એક સ્ત્રી પોતાનું ઘરબાર છોડીને ક્યારની ઘૂસી ગયેલી. ઈશુના ઝભ્ભાને સ્પર્શ કરવા એ તડપતી હતી. એને બાર બાર વરસથી રક્તસ્ત્રાવનો રોગ હતો. અનેક ઓસડ ધાગા કરી જોયા, પણ કોઈ કારવી ફાવી નહિ. ઉલ્ટાનું દરદ વધતું ચાલ્યું. પેલી સ્ત્રી ઝડપભેર ટોળાને વીંધતી ઈશુ પાસે પહોંચી ગઈ ને જમીન પર ઢસડાતા ઈશુના લાંબા ઝભ્ભાને સ્પર્શ કરીને પાછી વળી ગઈ. એનામાં એક એવી અતૂટ શ્રદ્ધા હતી કે ‘ઈશુને અડું તો હું સાજી થઈ જાઉં!” ને ખરેખર ચમત્કાર સર્જાયો. એ જ ક્ષણે એના શરીરની પીડા ક્યાંક ચાલી ગઈ. રક્તસ્રાવ બંધ થઈ ગયો. ઈશુ તરત જ ભીડમાંથી પાછા ફરીને માણસોને પૂછવા લાગ્યાઃ ‘મારા વસ્ત્રને કોણ અડીને ગયું?’

કોઈએ જવાબ આપ્યો નહિ એટલે એના શિષ્ય પીટરે કહ્યું : લોકો તો તમારો સ્પર્શ કરવા ક્યારના પડાપડી કરી રહ્યાં છે ને છતાં આપ પૂછો છો કે કોણ મને અડીને જતું રહ્યું!

ઈશુ બોલ્યા : ‘હા, હું પૂછું છું, કારણ કે એ મારા ઝભ્ભાને માત્ર સ્પર્શ કરી ગઈ સ્થી પણ એની સાથે મારામાંથી શક્તિ પણ લેતી ગઈ છે’

પેલી સ્ત્રી કાંપતી હતી. લોકો એને દોષ દે એ પહેલાં જ ઈશુ એની પાસે જઈ પહોચ્યાં ને એના ખભા પર હાથ મૂકતા બોલ્યા—'બેટા, તારી શ્રદ્ધાએ તને સાજી કરી છે.'

હજુ આટલું બોલ્યાં ત્યાં જ એક માણસ દોડતો-હાંફતો આવીને ઈશુ પાસે માથુ પટકીને રોવા માંડી પડ્યો. એ માણસની એકની એક છોકરી મરી ગયેલી. ઈશુએ એને શાંત પાડતા કહ્યું—ગભરાઇશ નહિ, તું શ્રદ્ધા રાખ, એટલે સૌ રૂડાં વાના થઇ જશે

ઘરમાં માણસોની ભીડ છે. કાળો કકળાટ છે. હૈયાફાટ રૂદન છે. ઈશુએ અંદર જતાંવેંત સૌને બહાર જવાની આજ્ઞા કરી. પછી છોકરી જ્યાં મૂએલી પડેલી ત્યાં બેસીને છોકરીના મસ્તક પર પોતાનો પ્રેમાળ સ્પર્શ કર્યો ને બોલ્યા—'બેટા ! મારી આજ્ઞા છે કે તું ઊઠ, ઊભી થા.' ને સફાળી છોકરી બેઠી થઈ માબાપની આંખે અંધારા આવે એવો આ ચમત્કાર હતો. તેઓ સહજ બોલી ઊઠ્યા—'આ શું અમે જોઇએ છીએ?' પણ ઇશુએ શાંત ઈશારો કરી કહ્યું, '—શાંત રહો, જે કંઇ બન્યું છે એ કોઇને કહેશો નહિ.'

શ્રદ્ધાનું આ વહેણ હાથની આંગળીઓમાંથી વહીને ચાલ્યું. પરાશકિતનું આ સંક્રમણ કે પછી બીજુ કાંઈ? પોતાના ઝભ્ભા માત્રને સ્પર્શ કરવાથી ઈશુને જ્ઞાન થતું કે કોઈ મને અડીને જતું રહ્યું છે. અને દૈવીશક્તિનું વહન થઈ રહ્યું છે. દિવ્ય ચેતનાનું સંક્રમણ સ્પર્શ દ્વારા બીજી વ્યક્તિ માં થયું. આ વિનિમયની પ્રક્રિયા આ જ ધરતી પર હજારો વરસથી ચાલી આવે છે. સ્પર્શ માટેની ગાંડી શ્રદ્ધા આપણે હજુ કલ્પી જ નથી સ્પર્શ આ જીવનમાં જ અનેક ચમત્કારો સર્જી શકે છે. જો સ્પર્શના આ અભૂતપૂર્વ માધ્યમને સમજી



શકાય તો !

સ્પર્શ દ્વારા સંક્રમણની અદ્ભૂત વાતો આપણે ત્યાં ઠેર ઠેર પડી છે. પણ આપણે સ્પર્શ દ્વારા તદ્દન વિકૃત, વિકાર-જન્ય ને મલિન અવદશાના ભોકતા બની બેઠા છીએ.

(અપૂર્ણ)

## મહાત્માશ્રી યોગેશ્વરજીની ઉપસ્થિતિમાં
# ધ્યાન–સાધના શિબિર

ગુજરાતમાં હાલ અશાંત પરિસ્થિતિ પ્રવર્તે છે. આમ છતાં ઘણા સાધક ભાઈબહેનોની ઇચ્છાને ધ્યાનમાં લઈ તા ૧૪ અગર ૧૫ મે, ૧૯૮૧ થી સાત દિવસ માટે વડોદરા કે અમદાવાદ ખાતે ધ્યાન સાધના શિબિર યોજવાનું નક્કી કરવામાં આવ્યું છે. આ શિબિરમાં પ. પૂ. મહાત્માશ્રી યોગેશ્વરજી તેમ જ પૂ. માશ્રી સર્વેશ્વરી માર્ગદર્શન આપશે.


શિબિરના સ્થળને ચોક્કસ સમયની જાહેરાત હવે પછી અખબારો તેમ જ અધ્યાત્મ માસિકમાં કરવામાં આવશે.


વિશેષમાં દરેક ધ્યાન કેન્દ્રોના સંચાલકોને વિનંતી કરવામાં આવે છે કે તેઓ શિબિરમાં ભાગ લેવા ઇચ્છતા સાધક-ભાઈ બહેનોનાં નામ એકત્રિત કરી તેની યાદી શ્રી બાબુભાઈ વોરા ૩૧, ગવરમેન્ટ સરવન્ટસ સોસાયટી નવરંગપુરા અમદાવાદ ૯ ને ૩૦ મી એપ્રિલ સુધીમાં જણાવે.

આ વર્ષે સાધકદીઠ શિબિરના પૂરા સમય માટે રૂા. ૯૦ ભોજન ખર્ચ વગેરેના લેવા ઠરાવાયું છે.

# સિદ્ધાસન

શ્રી મણિભાઈ શાહ









સિદ્ધાસન પણ પદ્માસન જેવું ધ્યાનનું સર્વમાન્ય આસન છે. આ આસન સિદ્ધ યોગીઓને વિશેષ-પ્રિય હોવાથી આને સિદ્ધાસન કહેવામાં આવે છે.

૧. **આસનની રીતઃ**–જમીન પર બેસી બંને પગ લંબાવી પહોળા રાખો.

૨. હવે ડાબો પગ ગોઠણમાંથી વાળી તેની પાની વૃષણ નીચે ગુદા દ્વાર સુધીની જે પટી છે તે ઉપર દબાવો. વૃષણની પાછળ ગુદાદ્વાર સુધીની પટીને શિવની પણ કહે છે. એ શિવની ઉપર પગની પાની દબાવવાની છે. જુઓ ચિત્ર નં. ૧. ચિત્ર-માં પાની દેખાય છે પણ એક હાથે વૃષણ ઉંચા લઈને પાની શિવની સાથે દબાવવાથી પાની ઢંકાઇ જશે.

૩. હવે જમણો પગ વાળી ડાબા સાથળ પર મૂકો અને તેનો પંજો ડાબા સાથળ અને ડાબી પીંડી વચ્ચે ઘુસાડી દો. જુઓ ચિત્ર નં. ૨. તેવી જ રીતે જમણા પગનો પંજો ડાબા સાથળ અને પીંડી વચ્ચે નીચેથી ઘુસાડી છે. પરંતુ જમણા પગની પાની પેટની નીચે આવેલ હાડકા ( Pubic bone ) સાથે લાગેલી રહેવી જોઈએ અને જનનેન્દ્રિય અને વૃષણ એ બંને પગની પાનીની વચ્ચે રહેતી પોલી જગ્યામાં ગોઠવવાના છે. ઉપલા પગનું લેશ પણ દબાણ જનનેંદ્રિય કે વૃષણ પર પડવું ન જોઇએ.

૪. હવે બંને હાથના અંગુઠાના અને તેની પડખેની આંગળીના ટેરવા અડાડી દો. બાકીની બધી આંગળીઓ સીધી

રાખો. જુઓ ચિત્રનં ૩. એટલે જ્ઞાનમુદ્રા થશે. જ્ઞાનમુદ્રા કરેલા બંને હાથ બંને પગના ગોઠણ ઉપર ચત્તા ગોઠવી દો. જુઓ ચિત્ર નં ૨.

૫. હવે જાલંધર બંધ કરવાનો છે. हृदये कृत्वा हनुं स्थिरम् અર્થાત્ દાઢીને જરા પાછી ખેંચી ગળા નીચે આવેલા કંઠ-કૂપમાં ગોઠવવી અને ગર્દનના પાછલા ભાગમાં થોડું તાણ પડે તેમ ખેંચીને માથું નમાવવું. જુઓ ચિત્ર નં ૪.

૬. આવી રીતે પગ, હાથ અને મસ્તક ગોઠવી અને ગર્દન કરોડને સિધી ટટાર રાખી ભ્રૂમધ્ય દૃષ્ટિ કરવી. જુઓ ભ્રૂમધ્ય દૃષ્ટિ અંક ૧, ઓકટોબર, વર્ષ બીજું.

૭ શરીર કોઇ બાજુ વધારે નમેલું ન રહે અને દેહની મધ્યમાંથી જતી મધ્યરેખાને બંને બાજુ સમાન સમતોલ રહે તેમજ પેટની નીચેના હાડકાને લાગેલી પાની પણ મધ્ય-રેખા ઉપર અર્થાત્ બરોબર મધ્યમાં રહે તેનું ધ્યાન રાખો. જુઓ ચિત્ર નં. ૨

આ આસન જાલંધર બંધ, ઉડ્ડિયાન બંધ અને મૂળ-બંધ સાથે પણ થાય છે. પણ બંધો વિષે હવે પછી લખીશું. સમય મર્યાદા ધીરેધીરે વધારવી. શરૂઆત એકાદ મિનિટથી શરૂ કરવી પણ ભ્રૂમધ્ય દૃષ્ટિ શરૂઆતમાં ૩૦–૪૦ સેંકડ જ કરવી.

સૂચના (૧) આ આસનને અંતે કે કરતી વખતે ક્યાંય કશા પ્રકારની બેચેની ન લાગવી જોઈએ. (૨) ક્યાંય કોઈ પણ પ્રકારનું દબાણ કે વધારે પડતુ તાણ પણ ન પડવું જોઈએ.



## મહાત્માશ્રી યોગેશ્વરજીનો કાર્યક્રમ

મહાત્માશ્રી યોગેશ્વરજીનાં પ્રવચનો સુરેન્દ્રનગરમાં ઔદિચ્ય બ્રહ્મસમાજના ઉપાશ્રયે તા. ૧૧-૩-૮૧ થી ૨૧-૩-૮૧ સુધી ભગવદ્દગીતા ઉપર યોજાયાં સુરેન્દ્રનગરની જનતાએ સારો લાભ લીધો.

તા ૨૨-૩—૯૧ના રોજ મૂળી ગામમાં તેઓશ્રીના હસ્તે શ્રીમતી રતનબેન વનમાળીદાસ વ્યાખ્યાન હોલનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું. પૂ શ્રીના પ્રેમી ભક્ત શ્રી. જે. વી, શાહે પોતાના માતુશ્રીની સ્મૃતિમાં આ હોલ બંધાયેલ છે.

આ પ્રસંગે ગામ લોકોએ પુજ્યશ્રી તેમજ પૂ. માશ્રી સર્વેશ્વરીનુ સ્વાગત ખૂબ પ્રેમપૂર્વક સામૈયાથી સ્વાગત કર્યું. એક જૈનેતર સંત મહાત્માના હાથે ઉદ્ઘાટન પ્રસંગે ગામના સ્થાનકવાસી અને દેરાવાસી ભાઇબહેનોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હોય તેવો આ પ્રથમ પ્રસંગ જણાયો.

ઉપસ્થિત જનતાને શ્રી જે. વી. શાહે પરમ પૂ. મહાત્માજીનો ને શ્રી. રમણીકભાઈ શાહે પૂ. શ્રી સર્વેશ્વરીમાનો પરિચય ખૂબ ભાવપૂર્વક આપ્યો.

પાસેના જશપરા અને ગૌત્તમગઢ ગામોમાં પણ લોકોએ પૂ. શ્રી. યોગેશ્વરજીનું અભૂતપૂર્વ સ્વાગત કર્યું, ને તેઓના પ્રવચનનો લાભ પણ લીધો.

પ. પૂ. મહાત્મા શ્રી યોગેશ્વરજી તા. ૧૧-૪-૮૧ થી તા. ૧૮-૪-૮૧ સુધી વડોદરા રોકાશે.

તા. ૧૧-૪-૮૧ થી તા. ૧૮-૪-૮૧ સુધી તલોદ જિ. સાબરકાંઠા ખાતે શ્રીમદ્ ભગવદ્દગીતા ઉપર પ્રવચન કરશે. તે પછી તેઓશ્રીનાં તા. ૨૩-૪-૮૧ થી સુરત ખાતે એની બેસન્ટ હોલમાં પ્રવચનો થશે.

With Best Compliment From:-

દરેક મનુષ્યની અંદર અનાહત નાદની વીણાનું સંગીત ચાલતું હોય છે, પણ ધ્યાનની સાધનાનો આશ્રય લીધા વિના તે કદી સાંભળી શકાતું નથી. એજથી જીવનમાં ધ્યાનની સાધના ખુબ મહત્વની બની રહે છે.

—યોગેશ્વર

**VEENA**

**ENTERPRISE**

Proprietor : Shri Ramesh B. Mehta

(Government Approved Contractor)
(Specialist In : Painting Works
I. E. White Washing & Oil Painting)

" Bapu Smruti " At & Post : Maroli
(Via) : Maroli Bazar, Dist. : Valsad.

## " સાધકોને માર્ગદર્શન "

મનુષ્યે પ્રમાદ આળસ છોડવાં જોઈએ, અને પોતાના મનને પ્રાર્થના અને ધ્યાન તરફ નિયમિત રીતે વાળવું જોઈએ. દક્ષિણેશ્વરમાં એક દિવસ મારી તબીયત સારી ન હતી, અને તેથી હું રોજના કરતાં જરા મોડી ઊઠી. તે દિવસોમાં હું સવારે ત્રણ વાગે ઊઠતી. બીજે દિવસે હું તેથી પણ જરા વધારે મોડી ઊઠી. ધીમે ધીમે મને લાગ્યું કે સવારે વહેલા ઊઠવાની અનિચ્છા થાય છે. મેં મારી જાતને કહ્યું " હવે આળસના સકંજામાં છો. " પછી મેં દૃઢ નિર્ણય કર્યો અને ફરી વહેલા ઊઠવા લાગી. પરિણામે બધું પહેલાં થતું હતું તેમ જ થવા લાગ્યું. આથી સારી આદતો નભાવવાને જરા કૃતનિશ્ચયીપણું જરૂરનું છે.

" આપણા અહીંના યુવાનો તરફ નજર કરો, યુવાનીમાં જ તેમણે પોતાનાં મન ઈશ્વરમાં પરોવ્યાં છે, તે યોગ્ય છે. તમારી પ્રાર્થનાઓ ને ધ્યાન બધાં યુવાનીમાં જ પૂર્ણ થવાં જોઈએ. "

" મન ત્યારે જ શાંત બને છે જ્યારે માણસ દિવસમાં પંદર કે વીસ હજાર વાર, ઈશ્વરના નામનો જપ કરે. મેં તો હકીકતે તે બનતું જોયું છે. "

" ચિત્ત તો અશાંત છે જ, તેથી મનુષ્યે શરૂઆતમાં તો થોડા સમય માટે પોતાના શ્વાસને અંકુશમાં રાખવો ને ધ્યાન કરવા પ્રયત્ન કરવો. તે ચિત્તશાંતિ માટે મદદરૂપ બને છે.

' પૂ. શ્રી શારદામા '

# દર્શન

અહંકારથી ઉન્નત થયેલી આંખ લઈને પ્રભુને જોવાનો તું પ્રયાસ કરે છે, પણ તારો પ્રયાસ વ્યર્થ છે. પ્રભુને જોવાની ઇચ્છા હોય તો આંખને નિર્મળ કર. તેમાંથી અહંકાર દૂર કર. ને પ્રેમનાં અંજનથી તેને આંજી દે.

છળ, કપટ ને વિકારોથી ભરેલું દિલ લઈને પ્રભુને મળવાનો તું મનોરથ કરે છે. પણ તારો મનોરથ મિથ્યાં છે. પ્રભુને મળવાની ઝંખના હોય તો હૃદયને નિર્મળ કર, ને છળ, કપટ ને વિકારને બદલે તેમાં સત્યતા, સરળતા ને સ્થિરતાની સ્થાપના કર.

એમ કરીને તારા શરીરનાં મંદિરમાં પ્રભુનું દર્શન કર. તારી અંદર ને બહાર તેનું દર્શન કર.

-યોગેશ્વર

રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ જગાશેઠનાડેલામાં શેખડંબજાર, ભાવનગર